


PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 238
Dt.: 03-07-2026,
Friday
Page:04
Rs.00.50 paisa


મંદિર અને પોલીસ સ્ટેશનના વીડિયો મોકલતા હતા પાકિસ્તાન

# દિલ્હીને ધ્રુજાવવાનું કાવતરું નિષ્ફળ: ૪ આતંકીઓની ધરપકડ

**પોલીસે કેસમાં પંજાબ અને દિલ્હીથી ચાર આતંકીઓની ધરપકડ કરી, જેઓ પાકિસ્તાની હેન્ડલરના ઈશારે દિલ્હીને હચમચાવી નાખવાનું કાવતરું ઘડી રહ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે એક મોટા આંતરરાજ્યીય ઓપરેશનમાં પાકિસ્તાનની એજન્સી ISI સમર્થિત આતંકવાદી અને હથિયાર તસ્કરી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

પોલીસે આ કેસમાં પંજાબ અને દિલ્હીથી ચાર આતંકીઓની ધરપકડ કરી છે, જેઓ પાકિસ્તાની હેન્ડલરના ઈશારે રાજધાની દિલ્હીને હચમચાવી નાખવાનું કાવતરું ઘડી રહ્યા હતા. પકડાયેલા આતંકીઓ પાસેથી તુર્કી મેડ જિગાના પિસ્તોલ સહિત બે વિદેશી પિસ્તોલ, નવ કારતૂસ અને પાંચ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે. સ્પેશિયલ સેલના ડીસીપી પ્રવીણ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, એસીપી વિવેક કુમાર ત્યાગી, ઈન્સ્પેક્ટર સતીશ રાણા અને ઈન્સ્પેક્ટર અશોકની ટીમને ટેક્નિકલ અને ખુફિયા ઈનપુટ મળ્યા હતા કે પાકિસ્તાનમાં બેઠેલો ISI હેન્ડલર શાહઝાદ ભટ્ટી પોતાના સાથીઓ સાથે મળીને દિલ્હી-NCRમાં કોઈ મોટી આતંકી ઘટના અંજામ આપવાની તૈયારીમાં હતો. આ માટે તેણે પંજાબના સ્થાનિક યુવાનોને પોતાના જાળમાં ફસાવ્યા હતા.

પ્રારંભિક તપાસ બાદ સ્પેશિયલ સેલે ભારતીય ન્યાય સંહિતા અને આર્મ્સ એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધીને તપાસ શરૂ કરી. ત્યારબાદ દિલ્હી અને પંજાબમાં અનેક સ્થળોએ તાબડતોડ દરોડા પાડવામાં આવ્યા.

સૌથી પહેલા પંજાબના અમૃતસર (મજીઠા રોડ)થી શુભદીપ સિંહ ઉર્ફે વિશાલની ધરપકડ કરવામાં આવી. તેની પાસેથી એક સેમી-ઓટોમેટિક પિસ્તોલ, પાંચ કારતૂસ અને બે મોબાઈલ મળ્યા. પૂછપરછમાં તેણે કબૂલ્યું કે, તે શાહઝાદ ભટ્ટી નેટવર્કના પાકિસ્તાની હેન્ડલર્સ સાથે સીધા સંપર્કમાં હતો અને ડ્રોનના માધ્યમથી હથિયાર તેમજ ડ્રગ્સની ખેપ મેળવતો હતો.

શુભદીપ પાસેથી મળેલી માહિતીના આધારે પંજાબમાંથી તેના બે અન્ય સાથીઓ ગુરજંત સિંહ ઉર્ફે ઋષિ અને સાજન સિંહ ઉર્ફે હનીને પકડી પાડવામાં આવ્યા. તેમની પાસેથી 'જિગાના પિસ્તોલ' અને ચાર કારતૂસ જપ્ત કરવામાં આવ્યા. ત્યારબાદ આગળ કાર્યવાહી કરતાં પોલીસે ગગનપ્રીત નામના ચોથા આતંકીની દિલ્હીથી ધરપકડ કરી. તેના મોબાઈલમાંથી અનેક આપત્તિજનક પુરાવા મળ્યા છે.

પકડાયેલા આરોપીઓમાંથી ગગનપ્રીતને પાકિસ્તાની હેન્ડલર્સે અત્યંત જોખમી કામ સોંપ્યું હતું.

તેણે દિલ્હીમાં પોલીસ સ્ટેશનો, પોલીસ ચોકીઓ અને મુખ્ય ધાર્મિક સ્થળોની રેકી કરી લીધી હતી અને તેના વીડિયો બનાવીને પાકિસ્તાન મોકલ્યા હતા. તેને દિલ્હીમાં કોઈ સ્થળે તાબડતોડ ફાયરિંગ કરીને આતંક ફેલાવવાનું પણ ટાસ્ક આપવામાં આવ્યું હતું.

---

પેટ્રોલિયમ મંત્રીએ આપ્યો જવાબ

## ક્રૂડ ઓઈલ સસ્તું થયું તો શું પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટશે?

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા તણાવના કારણે છેલ્લા કેટલાય સમયમાં દુનિયાભરમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ભારે ઉછાળો આવ્યો છે. તેની સીધી અસર ભારતમાં પણ પડી અને દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ પણ વધી ગયા. જો કે ભારતમાં ભાવ એટલા નથી વધ્યા, જેટલા દુનિયાના બાકી દેશોમાં જોવા મળ્યા. હવે જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ થોડા ઘટવા લાગ્યા છે, તો સામાન્ય લોકોના મનમાં એક જ સવાલ છે કે શું પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટશે? કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ તેના પર સ્થિતિ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, જો ક્રૂડ ઓઈલના ભાવ સતત ઘટતા રહેશે તો આગળ તેના પર નિર્ણય લેવાશે.

તેમણે કહ્યું કે, ક્રૂડની ખરીદી ૨ મહિનામાં એડવાન્સમાં થાય છે. એટલે કે હાલના ક્રૂડ માટે ૨ મહિના પહેલા ઓર્ડર દેવાઈ ચૂક્યો છે. પેટ્રોલિયમ મંત્રીએ જણાવ્યું કે, વૈશ્વિક સંકટ છતાં ભારતે દેશમાં ઈંધણની સપ્લાયને રોકી નથી. તેમણે કહ્યું કે, યોગ્ય રણનીતિ અને સૂઝબૂઝના કારણે ભારત પાસે હંમેશા ક્રૂડ ઓઈલ, ડીઝલ અને એલપીજીનો પૂરતો સ્ટોર રહ્યો છે.

કંપનીઓને ભારે નુકસાનઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધવાથી દેશની સરકારી તેલ કંપનીઓને ભારે નુકસાન ઉઠાવવું પડ્યું છે. ૩૦ જૂન સુધીના આંકડા અનુસાર, પેટ્રોલ, ડીઝલ અને એલપીજી વેચનારી કંપનીઓને કુલ ૭૪,૭૮૧ કરોડ રૂપિયાની ખોટ ગઈ છે.

અંડર રિકવરીનો બોજઃ એપ્રિલથી જૂનના ક્વાર્ટર દરમ્યાન તેલ કંપનીઓની કુલ અંડર રિકવરી ૧.૮૮ લાખ કરોડ રૂપિયા રહી. તેમાં ગત વર્ષની એલપીજીની ખોટને પણ જોડી દઈએ તો, કંપનીઓને કુલ નુકસાન ૨.૧ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

જ્યારે હરદીપ સિંહ પૂરીને પૂછવામાં આવ્યું કે છૂટક બજારમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ક્યારે ઓછા થશે, તો તેમણે તેની પાછળના ટેકનિકલ કારણ જણાવ્યા. તેમણે કહ્યું કે, હાલમાં દેશની રિફાઈનરીઓમાં જે ક્રૂડ ઓઈલ પ્રોસેસ થઈ રહ્યું છે, તે બે મહિના પહેલા બુક કર્યું હતું. તે સમયે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત અને જહાજોના ભાડા ખૂબ વધારે હતા. એટલા માટે હાલમાં મોંઘું તેલ બજારમાં આવી રહ્યું છે. તેમણે વિશ્વાસ અપાવ્યો કે, જો ક્રૂડ ઓઈલના ભાવ ગ્લોબલ માર્કેટમાં આગળ પણ ઘટતા રહેશે તો આવનારા સમયમાં રાહત જોવા મળી શકે છે.

વૈશ્વિક ઉથલ-પાથલથી બચવા માટે ભારતે તેલ આયાતની પોતાની રીતમાં મોટો બદલાવ કર્યો છે. મંત્રીએ જણાવ્યું કે, ભારત હવે એ દેશો પાસેથી પણ તેલ અને એલપીજીના કાર્ગો મગાવી રહ્યું છે, જેની સાથે પહેલા ક્યારેય વેપાર નહોતો થતો. જેમ કે અમેરિકા, આ ઉપરાંત ભારતીય રિફાઈનરીઓ દરેક પ્રકારના ક્રૂડ ઓઈલની પ્રોસેસ કરવા માટે તૈયાર છે. આ જ કારણ છે કે જ્યારે વેનેઝુએલાથી રસ્તો ખુલ્યો, તો ભારતે ત્યાંથી પણ તેલ ખરીદવાનું શરુ કર્યું. તેમણે કહ્યું કે, કિંમત વધવાથી તેઓ ચિંતિત છે. પણ ભવિષ્ય માટે પોતાની સ્ટોરેજ ક્ષમતા અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરી રહ્યા છે.

---

NEET-JEEમાં મોટા ફેરબદલ

## કોલેજ એડમિશનમાં બોર્ડના માર્ક્સને ૫૦ ટકા ભારણ આપવાની તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મેડિકલ અને એન્જિનિયરિંગ કોલેજોમાં એડમિશન મેળવવા માટે લેવાતી NEET અને JEE જેવી મોટી પ્રવેશ પરીક્ષાઓના નિયમોમાં કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં મોટો ફેરફાર કરી શકે છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હવે એડમિશન આપવા માટે ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષાના માર્ક્સને ૫૦ ટકા મહત્વ આપવામાં આવી શકે છે. અત્યાર સુધી એડમિશન માત્ર એન્ટ્રન્સ ટેસ્ટના સ્કોર પર જ મળતું હતું, પરંતુ આ નવા ફેરફારથી વિદ્યાર્થીઓ પરથી કોઈ એક પરીક્ષાનું અતિશય દબાણ ઓછું થશે.

છેલ્લા કેટલાક સમયથી એન્ટ્રન્સ પરીક્ષાઓમાં પેપર લીક અને માર્ક્સ ગણવામાં થયેલી ગડબડી જેવી અનેક ખામીઓ સામે આવી છે. આ ઘટનાઓને કારણે દેશની પરીક્ષા સિસ્ટમ પર સવાલો ઉભા થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર આ ફેરફાર દ્વારા વિદ્યાર્થીઓની કોચિંગ ક્લાસ પરની નિર્ભરતા ઘટાડવા માંગે છે. આ સિવાય એન્ટ્રન્સ પરીક્ષાઓને સ્કૂલના સિલેબસ સાથે વધુ સારી રીતે જોડવા, વિદ્યાર્થીઓને એક કરતાં વધુ વખત પરીક્ષા આપવાની તક આપવા અને ભવિષ્યમાં ઓન-ડિમાન્ડ કોમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ તરફ આગળ વધવાની યોજના છે.

દેશની શિક્ષણ વ્યવસ્થા અને પરીક્ષાઓમાં સુધારા કરવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા ગયા વર્ષે ૯ સભ્યોની એક હાઈલેવલ કમિટી બનાવવામાં આવી હતી. આ સમિતિ એન્ટ્રન્સ પરીક્ષાઓમાં પારદર્શિતા લાવવા અને વિદ્યાર્થીઓમાં વધતા જતા ડમી સ્કૂલના ટ્રેન્ડની તપાસ કરી રહી છે. કમિટીએ ભલામણ કરી છે કે એન્ટ્રન્સ ટેસ્ટના પ્રશ્નો સ્કૂલના અભ્યાસક્રમ આધારિત જ હોવા જોઈએ. આ સમિતિ આગામી થોડા અઠવાડિયામાં પોતાનો આખરી રિપોર્ટ સરકારને સોંપી શકે છે.

સંયુક્ત પ્રવેશ પરીક્ષા (JEE) અને રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા (NEET) દેશની સૌથી અઘરી પરીક્ષાઓ ગણાય છે, જેમાં દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ બેસે છે. ધોરણ ૧૨ પછી એન્જિનિયરિંગમાં અભ્યાસ કરવા અને IIT કે NIT જેવી મોટી કોલેજોમાં એડમિશન મેળવવા માટે JEE આપવી પડે છે, જે મુખ્યત્વે ગણિત, ફિઝિક્સ અને કેમિસ્ટ્રી પર આધારિત હોય છે.

જ્યારે ડૉક્ટર બનવા ઈચ્છતા અને MBBS કે BDSમાં એડમિશન લેવા માંગતા વિદ્યાર્થીઓ માટે ન્ઈઈટ્ ફરજિયાત છે, જેમાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજીના પ્રશ્નો પૂછવામાં આવે છે.

---

## ટ્રમ્પે ટેરિફની ધમકી આપી વિશ્વના દેશો પાસેથી ડોલર પડાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

કહેવત છે કે વર મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણુ ભરો, હવે આ જ સ્થિતિ વર્તમાન રાજકારણમાં બીજી રીતે લાગુ પડે છે. અમેરિકનો મરે કે ઈરાનીયનો મરે, પરંતુ ટ્રમ્પનું તરભાણુ ભરે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ગયા વર્ષે ટેરિફ નાખીને ફક્ત અમેરિકાને જ જંગી કમાણી નથી કરાવી, પરંતુ તેમણે પોતે પણ આ જ ટેરિફના બેઝ પર જંગી કમાણી કરી હોવાનો રહસ્યોદઘાટન થતાં અમેરિકામાં ડેમોક્રેટ્સે હોબાળો મચાવ્યો છે.આનો સૌથી મોટો પુરાવો અમેરિકાનું પ્રમુખપદ સંભાળ્યાના સમયગાળામાં ટ્રમ્પની કમાણી ૨.૪ અબજ ડોલરથી ત્રણ ગણા ઉપરાંત વધીને ૬ અબજ ડોલર થઈ ગઈ તે છે.ટ્રમ્પે ટેરિફ નાખ્યો હોય તેવા કેટલાય દેશોમાં નવી હોટેલ, રિસોર્ટ અને સંખ્યાબંધ ડીલ્સ કરીને લાખો નહીં કરોડો ડોલરની કમાણી કરી છે. આ બધા જ રોકાણોને તેણે તે દેશમાંથી ટેરિફના જવાબમાં ડોલર ઉસેટતા મશીનમાં રુપાંતર કરી દીધા છે. સાઉદી અરેબિયાની પ્રોપર્ટીએ જ ગયા વર્ષે ટ્રમ્પને એક અબજ ડોલર કમાઈ આપ્યા હતા. સાઉદી અરેબિયાના શાસકની નજીકના મનાતા રિયલ એસ્ટેટ ડેવલપરે આ રકમ મોકલી હતી.આવી જ રીતે રોમાનિયામાં બુખારેસ્ટ અને કતારના શાસક પક્ષની નજીકના ડેવલપરે તેમને ૫૦-૫૦ લાખ ડોલર મોકલ્યા હતા.યાદ રહે કે કતાર ઈરાન સાથેના ડીલરનું મધ્યસ્થી પણ છે. તેણે ટ્રમ્પને કિંમતી પ્લેનની ભેટ પણ આપી છે. ટ્રમ્પે બદલામાં કતારને અમેરિકાની મહત્ત્વની ટેકનોલોજી આપી દીધી હોવાનું કહેવાય છે.આ સિવાય ટ્રમ્પને તેના સત્તાવાર નિવાસ્થાન ફ્લોરિડાના માર-એ-લાગોમાંથી જંગી કમાણી થઈ છે. તેમની આ પ્રોપર્ટીમાંથી તેમને ગયા વર્ષે ૭.૭ કરોડ ડોલરની આવક થઈ હતી, આ આવક તે પ્રમુખ બન્યા પહેલા સામાન્ય નાગરિક હતા તેની તુલનાએ ૫૦ ટકાનો વધારો દર્શાવે છે. પ્રમુખ અંગે જાહેર કરવામાં આવેલા ડિસ્કલોઝર રિપોર્ટમાં બધી જ સંપત્તિની આવક તરીકે દર્શાવાઈ છે, કોઈપણ નફા તરીકે દર્શાવાઈ જ નથી.આ જ રીતે ટ્રમ્પે વિયેતનામમાં સ્થાપેલા રિસોર્ટમાંથી ગયા વર્ષે ૫૦ લાખ ડોલરની આવક મેળવી હતી. તેના પછી જ ટ્રમ્પે વિયેતનામના ડેપ્યુટી નાયબ પ્રધાન સાથે ટેરિફમાં ઘટાડાના ડીલ પર સહી કરી હતી, એમ ન્યૂયોર્ક ટાઈમ્સે જણાવ્યું હતું. હવે ટ્રમ્પના આ ટ્રેડ ડીલ અને તેની આવક સાથે કોઈપણ પ્રકારના સંબંધ પ્રસ્થાપિત થતો નથી, પરંતુ તે હકીકત છે કે ટ્રમ્પ જેની સાથે ડીલ કર્યા છે તેમાના મોટાભાગના દેશોમાં તેણે લક્ઝરી રિસોર્ટથી લઈને કોઈને કોઈ રિયલ એસ્ટેટ સ્થાપી જ છે.આમ ટ્રમ્પની ટેરિફ નીતિઓ અને ટ્રેડ ડીલ ફક્ત અમેરિકા જ નહીં પણ ટ્રમ્પના ખિસ્સા ભર્યા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે.ટ્રમ્પને ગયા વર્ષે થયેલી કુલ આવકમાં ડિજિટલ એસેટ્સમાંથી જ ૧.૪ અબજ ડોલરથી વધુની કમાણી થઈ હતી, જે તેને વારસામાં મળેલા રિયલ્ટીના કારોબારથી વધી ગઈ છે. આ સીધું બતાવે છે કે ટ્રમ્પે ટેરિફ અને ટ્રેડ ડીલનો ઉપયોગ આડકતરી રીતે તેની સંપત્તિમાં વધારો કરવા માટે કર્યો છે. હવે સુપ્રીમ કોર્ટે ટેરિફ તો રદ કરી નાખ્યા છે, પરંતુ ટ્રમ્પ ટ્રેડ ડીલના નામે કેટલાય દેશોના વડાઓને ભીંસમાં લઈને પોતાનું વ્યક્તિગત જંગી નાણાકીય વળતર જાળવી શકે છે.કદાચ ટ્રમ્પ પહેલા એવા અમેરિકન પ્રમુખ બન્યા હશે જેમણે વિશ્વના આટલા બધા દેશો પાસેથી ડોલર પડાવ્યા હશે. સામાન્ય રીતે અમેરિકા ડોલર ચૂકવતું હોય છે. ટ્રમ્પે અમેરિકા પાસેથી વળતર મેળવનારા દેશોના નાણા ઓળવી જઈને વિપરીત ચાલ શરૂ કરી છે.તેણે રીતસર ડોલર ઉસેટવા માંડયા છે.

---

## કસ્ટડી ડેથ મામલે કોર્ટનો ઐતિહાસિક ચુકાદો: મહારાષ્ટ્રના ૯ પોલીસકર્મીઓને આજીવન કેદની સજા ફટકારાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રની વાશિમ જિલ્લા અદાલતે પોલીસ કસ્ટડીમાં થયેલી હત્યાના ૧૫ વર્ષ જૂના કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે એક પૂર્વ પોલીસ અધિકારી સહિત ૯ પોલીસકર્મીઓને આજીવન કેદની સજા ફટકારી છે. આ ઘટના ૧૦ મે-૨૦૧૧ના રોજ રિસોડ પોલીસ સ્ટેશનમાં બની હતી, જ્યાં પોલીસે પારધી સમાજના બેગ્યા પવાર નામના યુવકને પૂછપરછના બહાને રાત્રે ૩ વાગ્યે ઘરેથી ઉઠાવ્યો હતો અને પોલીસ સ્ટેશનમાં ક્રૂરતાપૂર્વક માર મારીને તેની હત્યા કરી દીધી હતી.

મૃતક યુવક પર કોઈ ગુનાહિત રેકોર્ડ નહોતો અને તેના લગ્નને માંડ ૧ વર્ષ થયું હતું. પુત્રના મોત બાદ ન્યાય માટે પહોંચેલા વૃદ્ધ માતા-પિતાની ફરિયાદ નોંધવાનો પોલીસ અધિકારીએ સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. યુવકના મોતને પગલે ભારે વિરોધ પ્રદર્શનો થયા હતા. બાદમાં પોસ્ટમોર્ટમ અને મેડિકલ તપાસમાં ખુલાસો થયો કે યુવકના શરીરના અનેક હાડકાં તૂટી ગયા હતા. મામલાની ગંભીરતા જોઈને તપાસ CIDના અધિકારી અનવર શેખને સોંપાઈ હતી. તેમણે ઊંડાણપૂર્વક તપાસ કરીને કોર્ટમાં મજબૂત ચાર્જશીટ રજૂ કરી, જેમાં પોલીસ સ્ટેશનની અંદર યુવક પર ગુજારવામાં આવેલા થર્ડ ડિગ્રી અત્યાચારના પુરાવા આપવામાં આવ્યા હતા.

વાશિમ જિલ્લા અદાલતના જજ ઝપાટેએ ૧૫ વર્ષ સુધી ચાલેલી કાનૂની લડાઈ બાદ તત્કાલીન પૂર્વ પોલીસ અધિકારી મહાદેવ માણિક ધાંડે અને અન્ય ૮ પોલીસકર્મીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા સંભળાવી છે. સજા પામેલા લોકોમાંથી ૨ કર્મચારીઓ નિવૃત્ત પણ થઈ ચૂક્યા છે. તમામ દોષિતોને જેલ ભેગા કરી દેવાયા છે.

દીકરાને ન્યાય મળતા તેની વૃદ્ધ માતા કલાબાઈએ સંતોષ વ્યક્ત કરતા કહ્યું કે, અમને ન્યાય મળ્યો છે, અમે ખૂબ ખુશ છીએ. સરકારી વકીલ અને જજ સાહેબે અમને ન્યાય આપ્યો છે. અમે સીઆઈડીના અનવર શેખના ખૂબ આભારી છીએ. મારા દીકરા પર એક પણ ગુનો નહોતો, છતાં પોલીસ તેને પૂછપરછનું કહીને લઈ ગઈ અને સવારે તેના મોતના સમાચાર આવ્યા. અમે આ અત્યાચાર સામે લાંબી લડાઈ લડી છે.

---

## અમેરિકા સેનાનું MH60 હેલિકોપ્ટર ક્રેશ થયું, ૩ ક્રૂ મેમ્બર્સનો બચાવ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકી નેવીનું MH-60S સી હોક હેલિકોપ્ટર અરબ સાગરમાં ઈમરજન્સી લેન્ડિંગ દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થયું છે. આ ઘટનામાં હેલિકોપ્ટરમાં સવાર ચાર ક્રૂ સભ્યોમાંથી ત્રણને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે એક ક્રૂ સભ્ય હજુ પણ લાપતા છે. અમેરિકી સેનાએ બુધવારે (૧ જુલાઈ) આ અંગે સત્તાવાર માહિતી આપી હતી.

અમેરિકી નૌકાદળની ૫મી ફ્લીટના જણાવ્યા મુજબ, આ ઘટના કોઈ દુશ્મન દેશના હુમલાનું પરિણામ નથી. દુર્ઘટનાગ્રસ્ત હેલિકોપ્ટર USS જ્યોર્જ એચ. ડબ્લ્યુ. બુશ એરક્રાફ્ટ કેરિયર પર તૈનાત હતું.

આ અકસ્માત ૧ જુલાઈના રોજ સ્થાનિક સમય અનુસાર સવારે ૩:૩૦ વાગ્યે થયો હતો. હેલિકોપ્ટરમાં કુલ ચાર ક્રૂ સભ્યો સવાર હતા. જેમાંથી ત્રણ ઘાયલ થયા હતા, જેમને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે એક સભ્ય હજુ સુધી ગુમ છે.

અમેરિકી નેવીએ લાપતા ક્રૂ સભ્યની ઓળખ જાહેર કરી નથી. નેવીના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળે શોધ અને બચાવ કામગીરી ચાલુ છે અને લાપતા સભ્યને શોધવા માટે વિશેષ ટીમો તૈનાત કરવામાં આવી છે. સાથે જ અકસ્માતના કારણોની તપાસ પણ શરૂ કરવામાં આવી છે.

MH-60S સી હોક બે એન્જિન ધરાવતું આધુનિક સૈન્ય હેલિકોપ્ટર છે. તેનો ઉપયોગ વિશેષ સૈન્ય અભિયાન, સર્ચ એન્ડ રેસ્ક્યૂ ઓપરેશન, એન્ટી-સબમરીન યુદ્ધ અને માલસામાનના પરિવહન માટે કરવામાં આવે છે.

અમેરિકી સેનાએ UH-60 બ્લેક હોક હેલિકોપ્ટરને ૧૯૭૯માં પોતાના બેડામાં સામેલ કર્યું હતું. ત્યારબાદ અમેરિકી નેવીને ૧૯૮૩માં SH-60B સી હોક અને ૧૯૮૮માં SH-60F વર્ઝન મળ્યા હતા. MH-60Sનું પ્રથમ ઓપરેશનલ સ્ક્વાડ્રન 'હેલિકોપ્ટર કોમ્બેટ સપોર્ટ સ્ક્વાડ્રન ફાઈવ' હતું, જેનું મુખ્ય મથક ગુઆમમાં સ્થિત છે.

બીજી તરફ, અમેરિકા છેલ્લા પાંચ દાયકાથી વધુ સમયથી લાગુ રહેલા સુપરસોનિક વિમાનોના સંચાલન પરના પ્રતિબંધને હળવો કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આ માટે નવા નિયમોનો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં આવા વિમાનો માટે અવાજ આધારિત ધોરણો નક્કી કરવામાં આવ્યા છે.અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસાના પ્રાયોગિક X-59 વિમાનના સફળ પરીક્ષણ બાદ અમેરિકાના પરિવહન વિભાગે ૩૦ જૂને આ પહેલ શરૂ કરી છે.




# તંત્રી લેખ......

## વ્યાપક ભ્રષ્ટાચાર

ભ્રષ્ટ અમલદારશાહી સરકારી તિજોરી લૂંટી રહી છે, જેનાથી સેવાઓ પર અસર પડી રહી છે. ૩ કરોડના લાંચ કેસમાં આઈપીએસ અધિકારી દીપક ગહલાવતની સીબીઆઈ દ્વારા ધરપકડથી વહીવટી તંત્રમાં પ્રવર્તતા ભ્રષ્ટાચાર તરફ ફરી ધ્યાન દોરાયું છે. જે કેસમાં દીપક ગહલાવતની ધરપકડ કરવામાં આવી હતી તે નકલી દવા ઉત્પાદન રેકેટની તપાસ સાથે સંબંધિત છે. આ લાંચ કૌભાંડ સમયે, ગહલાવત નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયમાં પ્રાદેશિક નિયામક તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા. તેમના પર આરોપ છે કે તેમણે ૩ કરોડ રૂપિયાની લાંચના બદલામાં નકલી દવાઓ બનાવવાના આરોપમાં સીબીઆઈ તપાસથી એક ઉદ્યોગપતિને બચાવવા માટે પોતાના પ્રભાવનો ઉપયોગ કર્યો હતો. તેમણે તપાસ એજન્સીના અધિકારીઓ પર પણ આવું કરવા દબાણ કર્યું હતું. આ મામલાના તળિયે પહોંચવામાં અને દીપક ગહલાવતને તેમના કાર્યો માટે સજા કરવામાં કેટલો સમય લાગશે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ આ એવી પરિસ્થિતિનો બીજો કિસ્સો છે જ્યાં વાડ મેદાનને ખાઈ રહી છે. ગંભીર ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા અધિકારીઓ જોવાનું વધુને વધુ સામાન્ય બની રહ્યું છે. તેમની ધરપકડ કરવામાં આવે છે અને તેમની પાસેથી મોટી સંપત્તિ વસૂલવામાં આવે છે, પરંતુ તેમને કડક સજાનો સામનો કરવો પડે તેવું ભાગ્યે જ સાંભળવા મળે છે.

ભ્રષ્ટ અધિકારીઓને સમયસર સજા કરવામાં નિષ્ફળતાના પરિણામે વ્યાપક ભ્રષ્ટાચાર થાય છે. કેટલાક કિસ્સાઓ બહાર આવે છે જે સ્પષ્ટ ભ્રષ્ટાચારને ઉજાગર કરે છે. આવા જ એક તાજેતરના કેસમાં દિલ્હીની સરકારી હોસ્પિટલો માટે દવાઓ અને તબીબી સાધનોની ખરીદી સાથે સંકળાયેલા કૌભાંડનો સમાવેશ થાય છે. આ કૌભાંડ ૬૫૦ કરોડ રૂપિયાનું હોવાનું કહેવાય છે. વાસ્તવમાં, આ કોઈ કૌભાંડ નહોતું, પરંતુ ખુલ્લી લૂંટનું એક સ્વરૂપ હતું. આ વાત એ હકીકત પરથી સમજી શકાય છે કે દવાઓ અને તબીબી સાધનો જરૂરી રકમ કરતાં અનેક ગણા વધુ ભાવે ખરીદવામાં આવ્યા હતા. એવું લાગે છે કે કોઈને નિયમો અને કાયદાઓની પરવા નહોતી. આ કેસમાં આરોગ્ય સેવાઓના ભૂતપૂર્વ મહાનિર્દેશક ડૉ. વત્સલા અગ્રવાલની ધરપકડ કરવામાં આવી છે. આ કૌભાંડમાં કરોડો રૂપિયાના ઉચાપતનો હદ એ હકીકત પરથી સમજી શકાય છે કે ૬૫૦ કરોડ રૂપિયામાંથી આશરે ૫૦ ટકા રૂપિયા ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓના ખિસ્સામાં ગયા. નોકરશાહીમાં ભ્રષ્ટાચાર એક ખતરો બની ગયો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા અનેક દાવાઓ છતાં, નોકરશાહી ભ્રષ્ટાચાર પર કોઈ અસરકારક અંકુશ લાગતો નથી. ભ્રષ્ટ નોકરશાહી માત્ર સરકારી તિજોરી લૂંટી રહી નથી, તે સામાન્ય લોકોની સમસ્યાઓમાં પણ વધારો કરી રહી છે, કારણ કે જ્યારે પણ ભ્રષ્ટાચાર થાય છે, ત્યારે તે સરકારી સેવાઓની ગુણવત્તા સાથે સમાધાન કરે છે. ભ્રષ્ટ અધિકારીઓને સમયસર સજા કરવામાં નિષ્ફળતાના પરિણામે વ્યાપક ભ્રષ્ટાચાર થાય છે. કેટલાક કિસ્સાઓ બહાર આવે છે જે સ્પષ્ટ ભ્રષ્ટાચારને ઉજાગર કરે છે. આવા જ એક તાજેતરના કેસમાં દિલ્હીની સરકારી હોસ્પિટલો માટે દવાઓ અને તબીબી સાધનોની ખરીદી સાથે સંકળાયેલા કૌભાંડનો સમાવેશ થાય છે.

ગ્રામજનોના પ્રશ્નો-સમસ્યાઓનું સ્થાનિક સ્તરે નિવારણ લાવી દેવાનું સેવા દાયિત્વ નિભાવવા નવ નિયુક્ત તલાટીઓને મુખ્યમંત્રીશ્રીનું આહવાન

# મહેસૂલ તલાટી તરીકે નવી નિમણૂંક મેળવનારા ૨૩૦૦થી વધુ યુવાઓને નિમણૂંક પત્ર વિતરણનો ગૌરવશાળી સમારોહ ગાંધીનગરમાં સંપન્ન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નિમણૂંક પત્રો અર્પણ કરવા સાથે મહેસૂલ વિભાગની અભિનવ પહેલરૂપ વિવિધ સેવાઓના લોંચીંગ અને નવી કચેરીઓના લોકાર્પણ કર્યા







મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસૂલ-તલાટી સંવર્ગમાં નવી નિમણૂંક મેળવેલા ૨૩૦૦થી વધુ યુવાઓને ગાંધીનગરમાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં નિમણૂંક પત્રો એનાયત કર્યા હતા.

રાજ્ય સરકારે ૨૧ જેટલી મહેસૂલી સેવાઓને વધુ સરળ અને ઝડપી બનાવવાની કરેલી અભિનવ પહેલો અને નવી કચેરીઓના લોકાર્પણ પણ મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રેવન્યુ-તલાટીને મહેસૂલ તંત્રની કરોડરજ્જુ અને ગામડાના વહિવટનો આધારસ્તંભ ગણાવતાં નવી નિમણૂંક મેળવી રહેલા યુવાઓને આહવાન કર્યુ કે, એવી પ્રજાહિતકારી કાર્યપદ્ધતિ તેઓ અપનાવે કે ખરેખર તકલીફમાં જે વ્યક્તિ છે તેનું કામ સરળતાએ પાર પડી જાય. આવા જરૂરતમંદ વ્યક્તિનો થતો સંતોષ અને તેના આશીર્વાદ એ ઈશ્વરના આશીર્વાદ સમાન છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રેવન્યુ તલાટી તરીકે ગ્રામજનોના અનેક પ્રશ્નો કે સમસ્યાઓ સ્થાનિક સ્તરે જ નિવારવાનું તેમનું દાયિત્વ હોવું જોઈએ. એટલુ જ નહિ, જે કંઈ પણ કામ થાય તે એવું વ્યવસ્થિત અને પદ્ધતિસરનું થાય કે મહેસૂલ વિભાગમાં કે સરકારમાં પણ તે કામને કારણે ભવિષ્યમાં કોઈ પ્રશ્નો ઉભા ન થાય.

શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ કે, તલાટી પાસે આવતા લોકોની અપેક્ષાઓ એજ હોય છે કે તેનું કામ ઝડપી અને સરળતાએ થઈ જાય એટલે તલાટીએ હંમેશા સામેની વ્યક્તિમાં પોતાની જાતને મૂકીને કામગીરીનું મૂલ્યાંકન કરવું જરૂરી છે.

ઘર-પરિવાર અને સમાજને ગૌરવ થાય તેવી કાર્યપ્રણાલીથી હંમેશા કાર્યરત રહેવા મુખ્યમંત્રીશ્રીએ નવ નિયુક્ત તલાટીઓને શિખ આપી હતી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત-૨૦૪૭નો જે સંકલ્પ કર્યો છે તેને આ નવ નિયુક્ત યુવાઓ વિકસિત ગુજરાતના નિર્માણથી સાકાર કરે તેવી શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

**નવી મહેસૂલી સેવાઓનું લોંચીંગ**

મુખ્યમંત્રીશ્રીએ જે નવી મહેસૂલી સેવાઓનું લોકાર્પણ કર્યુ તેમાં

**REVA: Revenue Voice and Assistance**

**QR Code** આધારિત ફીડબેક સિસ્ટમ અન્વયે મહેસુલી તંત્રની તમામ કચેરીઓ જેમાં કલેક્ટર કચેરી, પ્રાંત કચેરી, સબ-રજીસ્ટ્રાર કચેરી, **DILR** કચેરી અને મામલતદાર કચેરીની સેવાઓ માટે **QR Code** મુકીને નાગરીકોના પ્રતિભાવો મેળવવાની Centralized system "REVA : Revenue Voice and Assistance" શરૂ કરવામાં આવી છે.

આ સિસ્ટમથી કચેરીમાં ઉપલબ્ધ કરવામા આવતી સુવીધાઓ તથા કચેરીના સ્ટાફના વર્તન અંગેના પ્રતિભાવો નાગરિકો પાસેથી મેળવવામાં આવશે અને તેમને આપવામાં આવતી સેવાઓમાં વધુ સુધારો લાવવામાં તે ઉપયોગી બનશે.

**IRCMS - ઈંટીગ્રેટેડ રેવન્યુ કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમમાં ઈ-ફાઈલીંગની નવી સુવિધા**

પહેલા **IRCMS** ખાતે તમામ રેવન્યુ કચેરીમાં મેન્યુઅલી રેવન્યુ કેસ દાખલ થતા હતા. તે પદ્ધતિમાં ફેરફાર લાવીને હવે ઈ-**filing** થી અરજદારો ઘરબેઠાં જ રેવન્યુ કેસ દાખલ કરી શકશે. પરિણામે સમય અને શક્તિનો બચાવ થશે. તથા સરળતાથી ઓછા સમયમાં કેસ દાખલ કરી શકાશે અને કેસના દરેક તબક્કાને રીયલ ટાઈમ ટ્રેક કરી શકાશે. કેસ પૂર્ણ થયા બાદ અરજદારને તરત જ ઓનલાઈન હુકમ મળી શકશે.

આ પદ્ધતિ શરૂ થવાથી સમગ્ર રાજ્યની તમામ કચેરીઓમાં કામગીરીમાં એકસૂત્રતા જળવાઈ રહેશે અને ઈ-ફાઈલીંગની સુવિધાથી માત્ર અરજદારોને જ નહી પરંતુ તમામ મહેસુલી કચેરીઓમાં ચાલતા વિવિધ મહેસુલી કેસોનાં વ્યવસ્થાપનમાં પણ સરળતા અને ત્વરીતતા આવશે.

**સિટી સર્વે નકશાઓને જીઓ રેફરન્સિંગ માટે સર્વે ઓફ ઈન્ડિયા સાથે MoU**

રાજ્યના સેટલમેન્ટ કમિશનર શ્રી આદ્રા અગ્રવાલ અને ભારત સરકારના એડિશનલ સર્વેયર જનરલ શ્રી એમ.સી. ગોર વચ્ચે સિટી સર્વે નકશાઓને જીઓ રેફરન્સિંગ માટે સર્વે ઓફ ઈન્ડિયા સાથે સમજૂતી કરાર–**MOU** કરવામાં આવ્યા હતા.

મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહીડાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની પારદર્શી પ્રક્રિયાના પરિણામે મહેસૂલી વહીવટના પાયાના સ્તંભ તરીકે નિમણૂક પત્ર મેળવી રહેલા ઉમેદવારોના જીવનમાં આજે નવા અધ્યાયની શરૂઆત થઈ છે. અગાઉ ખાલી રહેલી જગ્યાઓ મોટા પ્રમાણમાં ભરાતા હવે વહીવટી ક્ષમતા બમણી થશે અને ગામડાઓ સુધી મહેસૂલી સેવાઓ વધુ સુવ્યવસ્થિત અને અસરકારક રીતે પહોંચશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિના પરિણામે મહેસૂલી તલાટીનો સ્વતંત્ર સંવર્ગ અસ્તિત્વમાં આવ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

નવનિયુક્ત કર્મયોગીઓને અભિનંદન પાઠવવા મંત્રીશ્રીએ કહ્યું કે, મહેસૂલી તલાટી એ રાજ્ય સરકારનો એવો પાયાનો અધિકારી છે જેનો પ્રથમ અને સૌથી નજીકનો સંપર્ક રાજ્યના સામાન્ય નાગરિક, ગરીબ અને ખેડૂત સાથે થાય છે. ગામડાનો સામાન્ય માણસ નાની-મોટી જરૂરિયાતો માટે સૌથી પહેલા તલાટી પાસે આવે છે. તેથી કર્મચારીઓના વર્તન, નિર્ણય, ભાષા અને કાર્યશૈલી પરથી જ નાગરિકો આખી સરકારની કાર્યપદ્ધતિ અને નિયતનો અનુભવ કરે છે. તેમની સાથે સદવ્યવહાર કરવામાં આવશે તો શાસન વ્યવસ્થા પર નાગરિકોનો વિશ્વાસ વધુ મજબૂત બનશે.

તેમણે કહ્યું હતું કે તલાટી જે કાગળ પર સહી કરે છે તે માત્ર સામાન્ય દસ્તાવેજ નથી પરંતુ નાગરિકના અધિકાર, ખેડૂતોના વિશ્વાસ અને રાજ્યના વિકાસની પ્રક્રિયાઓનો પાયાનો આધાર છે. કર્મચારીઓની નાની ભૂલ ગરીબને મુશ્કેલીમાં મૂકી શકે છે અને એક હકારાત્મક નિર્ણય કોઈના જીવનમાં આશાનો દીપ પ્રગટાવી શકે છે.

મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસે નવ નિયુક્ત મહેસૂલી તલાટીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આપ સૌની પસંદગી કોઈ વગ, લાગવગ કે ભલામણના જોરે નહીં, પરંતુ માત્રને માત્ર આપની ક્ષમતા, સખત પરિશ્રમ અને મેરિટના આધારે થઈ છે, જે આપ સૌ માટે અત્યંત ગૌરવની બાબત છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગ્રામીણ સ્તરે આજે પણ 'તલાટી'નું પદ ખૂબ જ આદરણીય અને જવાબદારીભર્યું ગણાય છે. સમય ભલે ગમે તે બદલાયો હોય, પરંતુ જમીનનું વ્યવસ્થાપન અને મહેસૂલી વહીવટ હંમેશા શાસન તેમજ વહીવટીતંત્રના કેન્દ્ર સ્થાને રહ્યા છે. તેથી, નવનિયુક્ત તલાટીઓએ આ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવવી જોઈએ.

મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસે જમીન પ્રશાસનનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, કોઈપણ પ્રકારના વિકાસ કાર્યો જમીન વિના શક્ય નથી. આથી, ગામના જમીન રેકોર્ડ ૧૦૦ ટકા સચોટ અને ક્ષતિરહિત રાખવા તેમજ સરકારી જમીનો, ગૌચર કે તળાવો પર થતા ગેરકાયદેસર દબાણો અટકાવી તેની ચુસ્ત દેખરેખ રાખવાની મુખ્ય જવાબદારી આપ નવનિયુક્ત તલાટીશ્રીઓની રહેશે.

મહેસૂલ વિભાગ અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ સ્વાગત કરતા જણાવ્યું હતું કે, મહેસૂલ વિભાગ અંતર્ગત ૨,૩૮૯ મહેસૂલ તલાટીઓની ખાલી જગ્યાઓ ભરવા માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના સતત પ્રયાસોના પરિણામે આ અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. ગામના નાગરિકોને વધુ સારી સેવાઓ મળી રહે તે માટે મુખ્યમંત્રીશ્રીએ તલાટીનો જોબ ચાર્ટ પણ નક્કી કરાવ્યો છે. ગામમાં તલાટી એ સરકારનો ચહેરો છે. તલાટીએ ગામમાં જમીનને લગતા અગત્યના દસ્તાવેજો, ચૂંટણી, ગણતરી જેવી મહત્વની સેવાઓ-કામગીરી કરવાની હોય છે ત્યારે આપ સૌ નવનિયુક્ત કર્મયોગીઓ નિષ્ઠા અને પ્રામાણિકતાથી કાર્ય કરશો તેવી અપેક્ષા છે.

મહેસૂલ તલાટીની પારદર્શક તેમજ ઝડપી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવા બદલ સંલગ્ન તમામ વિભાગોને શ્રી રવિએ આ પ્રસંગે અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ શ્રી તુષાર ધોળકિયા, મહેસૂલ તપાસણી કમિશનર શ્રી રાજેશ માંજુ, મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સહિત નિમણૂક પામનાર મહેસૂલી તલાટીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તમામ જિલ્લાઓમાંથી પદાધિકારીશ્રીઓ, કલેક્ટરશ્રીઓ સહિત નવનિયુક્ત મહેસૂલી તલાટીઓ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. મહેસૂલ વિભાગના સંયુક્ત સચિવ શ્રી સચિન પટવર્ધને આભારવિધિ કરી હતી.

ગુજરાતમાં ૪૭ ફોરેન્સિક વેન કાર્યરત, ક્રાઈમ સીન પર ઓન ધ સ્પોટ પ્રાથમિક ટેસ્ટ કરવા માટે સજ્જ

# ગુનેગારોને જેલમાં ધકેલવા માટે આધુનિક હથિયાર: બે વર્ષમાં ૩૭ હજારથી વધુ ક્રાઈમ સીન પર પહોંચી મોબાઈલ ફોરેન્સિક વેન

પોલીસ જયારે કોઈ પણ ગુનાની તપાસ કરે ત્યારે સમયસર પુરાવા મળે તે જરૂરી છે, અને સાથોસાથ એ પણ જરૂરી છે કે તેમાં કોઈ પણ પ્રકારની ભેળસેળ કે અશુદ્ધિકરણ (Contamination) ન થાય. આ ઉદ્દેશને પૂર્ણ કરવા માટે ગુજરામાં ૪૭ ફોરેન્સિક વેન (MFVs) પોલીસ તપાસમાં સહયોગ માટે કાર્યરત છે, જે સુનિશ્ચિત કરે છે કે ગુનાના સ્થળે પુરાવાનું ઝડપી સંરક્ષણ થાય, સમયસર તેનું પ્રાથમિક સ્ક્રિનિંગ થાય અને પ્રાથમિક અભિપ્રાય મળે જેથી પોલીસ તપાસમાં ઝડપી સહયોગ મળી શકે.

રાજ્યમાં ફોરેન્સિક વિજ્ઞાનનો વ્યાપ વધે તે માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દીર્ઘ દ્રષ્ટિપૂર્વક ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી (GSFU)ની સ્થાપના કરી હતી, જેને હવે કેન્દ્રીય યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. પોલીસ કામગીરી અને લૉ એન્ડ ઓર્ડરમાં ફોરેન્સિક વિજ્ઞાનનો વ્યાપક રીતે ઉપયોગ થાય, તે ઉદ્દેશ સાથે તેમના વિઝનરી માર્ગદર્શનમાં આ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સમયાનુકૂળ નવા ફોજદારી કાયદાઓ અમલમાં આવ્યાં છે. નવા ફોજદારી કાયદાઓમાં કન્વીક્શન રેટ વધારવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી ગુનાઓની તપાસને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. આ કાયદાઓના અમલમાં ૭ વર્ષથી વધુ સજાપાત્ર ગુનામાં ફોરેન્સિક તપાસ ફરજિયાત બનાવવામાં આવી છે ત્યારે ફોરેન્સિક વિજ્ઞાનની ભૂમિકા વધી છે. વડાપ્રધાનશ્રીના વિઝનને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સુપેરે આગળ વધારી રહ્યા છે.

**૩૭ હજારથી વધુ ક્રાઈમ સીન પર પહોંચી મોબાઈલ ફોરેન્સિક વેન**

વર્ષ ૨૦૨૪માં ૪૭ પૈકી ૨૮ મોબાઈલ ફોરેન્સિક વેનને કેન્દ્રીય ગૃહ મંત્રાલયના દિશાનિર્દેશો અનુસાર અપગ્રેડ કરવામાં આવી હતી. છેલ્લા બે વર્ષમાં **MFVs** ૩૭,૨૬૯ ક્રાઈમ સીન/સ્પોટ પર પહોંચી ચૂકી છે. **MFVs** દ્વારા



મર્ડર, પૉક્સો, લૂંટ, ચોરી, આગ, અને નાર્કોટિક્સ સહિત અન્ય મહત્વપૂર્ણ ગુનાઓ અંતર્ગત ઘટનાસ્થળ પર સહયોગ પૂરો પાડવામાં આવ્યો છે. વિવિધ સ્પોટ મુલાકાતમાં ગુનાવાર આંકડા આ પ્રમાણે છે: મર્ડર (૧૫૨૯), બળાત્કાર/પૉસ્કો/બાળ અત્યાચાર (૩૭૪૬), હત્યાનો પ્રયાસ (૧૫૮૩), લૂંટ (૭૨૮), ઘરફોડ/ચોરી (૨૭૫૮), ફાયરિંગ (૧૫૪), વિસ્ફોટ (૪૩), આગ (૨૮૯૩), નાર્કોટિક્સ (૧૯૬૮) અને ફેટલ-જીવલેણ કિસ્સાઓ (૯૦૨૨). તે સિવાય ૧૦,૪૫૭ અન્ય સ્પોટ મુલાકાતોમાં આકસ્મિક મૃત્યુ, કસ્ટોડીયલ ડેથ, અપ્રાકૃતિક મૃત્યુ, શંકાસ્પદ ઘટનાઓ અને અન્ય કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફોરેન્સિક તપાસ સામેલ છે.

**હરતી-ફરતી ફોરેન્સિક લેબોરેટરી, અલગ અલગ ગુના માટે અલગ કિટ**

આ મોબાઈલ ફોરેન્સિક વેન્સમાં ૧૨ વિશેષ વૈજ્ઞાનિક કિટ્સ ઉપલબ્ધ છે. જેમાં ડીએનએ અને સેક્સ્યુઅલ અસોલ્ટ એવિડન્સ કિટ, નાર્કોટિક્સ સ્ક્રીનિંગ કિટ, એક્સપ્લોઝિવ સ્ક્રીનિંગ કિટ, ગન શૉટ રેસિડ્યુ કિટ, આગની તપાસ માટેની કિટ, ફૂટપ્રિન્ટ અને ટાયર પ્રિન્ટ કાસ્ટિંગ કિટ સહિતની અદ્યતન સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ વેન્સમાં સ્ટિરિયો માઈક્રોસ્કોપ, **DSLR** કેમેરા, **GPS** બોડી-વોર્ન કેમેરા સિસ્ટમ, લેપટોપ અને પ્રિન્ટર, મિની રેફ્રિજરેટર, **LED** સ્ક્રીન, હાઈ ઈન્ટેન્સિટી ફોરેન્સિક લાઈટ સોર્સ, જનરેટર સેટ અને અન્ય જરૂરી આધુનિક સાધનો પણ ઉપલબ્ધ છે. આ સાધનોની મદદથી વિવિધ પુરાવાઓ જેવાકે લોહીના ડાઘ અને અન્ય જૈવિક નમૂનાઓ, ફિંગરપ્રિન્ટ્સ, પગલાં અને ટાયરના નિશાન, ગન શૉટ રેસિડ્યુ, નાર્કોટિક્સ પદાર્થો, વિસ્ફોટક અવશેષો, બળેલી સામગ્રી, વાળ, ફાઈબર, માટીના નમૂનાઓ, કાચના ટુકડાઓ અને અન્ય સૂક્ષ્મ પુરાવાઓની પ્રાથમિક તપાસ ઘટનાસ્થળે જ કરી શકાય છે.

**ઝડપી તપાસ અને મજબૂત પુરાવા**

મોબાઈલ ફોરેન્સિક વેનોનો મુખ્ય હેતુ ગુનાના સ્થળે તાત્કાલિક વૈજ્ઞાનિક સહાય પૂરી પાડવાનો, પુરાવાઓનું યોગ્ય સંરક્ષણ કરવાનો, પુરાવા દૂષિત થવાની શક્યતા ઘટાડવાનો છે અને ક્રાઈમ સીન રિકન્સ્ટ્રક્ટશનનો છે. ખાસ કરીને બળાત્કાર અને પૉક્સોના કેસોમાં જૈવિક પુરાવાઓની સમયસર ઓળખ થાય તથા પુરાવા સંગ્રહિત થઈ શકે તે મહત્વપૂર્ણ છે. આવા કિસ્સાઓમાં આ વેન્સની ભૂમિકા મહત્વપૂર્ણ બની જાય છે. બોડી કેમેરા, **DSLR** ફોટોગ્રાફી અને **CCTV** આધારિત દસ્તાવેજીકરણના કારણે ક્રાઈમ સીનનું વૈજ્ઞાનિક રીતે અવલોકન પણ વધુ અસરકારક બન્યું છે. ગુનાહિત તપાસ વૈજ્ઞાનિક પુરાવાઓ પર વધુને વધુ આધાર રાખતી હોવાથી, ગુજરાતમાં **MFVs** ગુનાઓની તપાસ કરવાની રીતમાં પરિવર્તન લાવી રહી છે. આ રીતે ફોરેન્સિક વિજ્ઞાન સીધું ઘટનાસ્થળે પહોંચે છે, મહત્વપૂર્ણ પુરાવાઓનું સંરક્ષણ કરે છે અને ફર્સ્ટ રિસ્પૉન્સથી અંતિમ ચુકાદા સુધી મજબૂત કેસ બનાવવામાં મદદ કરે છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# ધારાસભ્ય યોગેશ પટેલના નિધનથી ખાલી પડેલી માંજલપુર બેઠક પર પેટા ચુંટણી જાહેરઃ ૩૦ જુલાઈએ મતદાન અને ૩ ઓગસ્ટે પરીણામ

પ્રતિનિધિ,ગાંધીનગર

ચુંટણીપંચ દ્વારા વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક માટે પેટા ચુંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટીના વરીષ્ઠ ધારાસભ્ય યોગેશ પટેલના દુઃખદ નિધન બાદ ખાલી પડેલી આ બેઠક પર ફરી લોકશાહીનો જંગ જામશે. ચુંટણીપંચની સત્તાવાર જાહેરાત અનુસાર આગામી ૬ જુલાઈના રોજ આ પેટા ચુંટણી માટેનુ ગેઝેટ નોટીફીકેશન પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની સાથે જ બેઠક પર ચુંટણી પ્રક્રિયાનો ઔપચારીક પ્રારંભ થઈ જશે અને સમગ્ર જિલ્લામાં આદર્શ આચારસંહિતા લાગુ થઈ ગઈ છે.

ચુંટણીપંચ દ્વારા જાહેર કરવામાં આવેલા વિગતવાર કાર્યક્રમ મુજબ, ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા ૬ જુલાઈથી શરૂ થઈને ૧૩ જુલાઈ સુધી ચાલશે, જે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ રહેશે, ત્યારબાદ ૧૪ જુલાઈએ ભરાયેલા તમામ ઉમેદવારી પત્રોની જીણવટભરી ચકાસણી હાથ ધરવામાં આવશે. ચુંટણી લડવા ન ઈચ્છતા ઉમેદવારો માટે ૧૬ જુલાઈ સુધીમાં પોતાના નામો પરત ખેંચવાની છેલ્લી તક રહેશે, ઉમેદવારોના ફોર્મ પરત ખેંચવાની મુદત પૂર્ણ થયા બાદ જ ચુંટણી લડનારા ઉમેદવારોનુ આખરી ચિત્ર સ્પષ્ટ થશે. ૩૦ જુલાઈએ મતદાન અને ૩ ઓગસ્ટે પરીણામ જાહેર થશે. માંજલપુર બેઠક પર પેટા ચુંટણી જાહેર થતાની સાથે જ વડોદરાના સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. સત્તાધારી ભાજપ, કોંગ્રેસ પક્ષ અને આમ આદમી પાર્ટી સહિતના પ્રમુખ રાજકીય પક્ષોમાં આ બેઠક કબ્જે કરવા માટે અત્યાર થી જ રણનીતી ઘડાવવા લાગી છે.



પક્ષના મોવડી મંડળ દ્વારા દાવેદારોના નામોની પેનલ તૈયાર કરવા અને મજબુત ઉમેદવારની પસંદગી માટે આંતરીક બેઠકોનો દોર શરૂ કરી દેવાયો છે. તો બીજી તરફ વડોદરા જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા પણ શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન પ્રક્રિયા પૂર્ણ કરવા માટે મતદાન મથકોની તૈયારી અને સ્ટાફની ફાળવણી સહિતની વહિવટી તૈયારીઓ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે.

# સાબરકાંઠા જિલ્લાના ૮ તાલુકાઓમાં જમીન દફતર નિરીક્ષકની નવીન કચેરીઓ કાર્યરત

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના વહિવટી તંત્રને વધુ સુદ્રઢ મજબુત અને પ્રજાભિમુખ બનાવવાના આશયથી એક મોટો વહિવટી બદલાવ કરવામાં આવ્યો છે. અગાઉ જિલ્લા કક્ષાએ કાર્યરત એવી જિલ્લા નિરીક્ષક જમીન દફતર, વર્ગ ૨ (ડીઆઈએલઆર) સંવર્ગ હેઠળની તમામ જગ્યાઓનુ હવે તાલુકા કક્ષાએ વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યુ છે. આ નિર્ણયના પગલે હવે પ્રજાએ પોતાના જમીન સંબંધી કામો માટે જિલ્લા મથકે ધકકા ખાવા નહી પડે. તાલુકા કક્ષાએ ત્વરીત સેવાઓ મળી રહેશે.

સાબરકાંઠા જિલ્લાના તમામ ૮ તાલુકાઓમાં જમીન દફતર ખાતાને લગતી નીચે મુજબની કામગીરી જે તે તાલુકાની નવીન કચેરી ખાતે જ સ્વીકારવામાં અને પૂર્ણ કરવામાં આવશે. જેમાં રીસર્વે સુધારાને લગતી તમામ પ્રકારની કામગીરી , હક્ક ચોકસી અને પ્રોપર્ટીકાર્ડ મેળવવા બાબત, પ્રોપર્ટી કાર્ડ માં ફેરફાર નોંધને લગતી કામગીરી, સ્વામિત્વ યોજના તેમજ એકત્રિકરણ યોજનાને લગતી તમામ કામગીરીઓ તાલુકા કક્ષાએ થશે. જાહેર જનતાની સુવિધા માટે જિલ્લાના તમામ ૮ તાલુકાઓની કચેરીઓના સ્થળ જાહેર કરવામાં આવ્યા છે.

જેમાં (૧) હિંમતનગર તાલુકા માટે સર્વેભવન, જિલ્લા સેવા સદન કમ્પાઉન્ડ, ન્યાય મંદિર, પોલોગ્રાઉન્ડ હિંમતનગર (૨) પ્રાંતિજ તાલુકા માટે બીજો માળ, તાલુકા સેવા સદન, રેલ્વે સ્ટેશન સામે પ્રાંતિજ (૩)તલોદ તાલુકા માટે પ્રથમ માળ, શોપ નં. ૨૧ થી ૩૧, અક્ષર કોમ્પલેક્ષ, ટી આર ચોકડી પાસે હરસોલ રોડ, તલોદ (૪) ઈડર તાલુકા માટે પ્રથમ માળ, શોપ નં. ૧૧૬ થી ૧૨૨, બ્લોક નં. ૫, બાલાજી કોમ્પલેક્ષ, રેલ્વે ક્રોસિંગ પાસે, જીઆઈડીસી સામે, હિંમતનગર હાઈવે રોડ, ઈડર (૫) વડાલી તાલુકા માટે પ્રથમ માળ, સબ રજીસ્ટ્રાર કચેરી, વડાલી (૬) વિજયનગર તાલુકા માટે પ્રથમ માળ, તાલુકા સેવા સદન, વિજયનગર તા.વિજયનગર (૭) ખેડબ્રહ્મા તાલુકા માટે બીજો માળ, તાલુકા સેવા સદન, ખેડબ્રહ્મા (૮) પોશીના તાલુકા માટે બ્લોક સી સેંકન્ડ ફલોર તાલુકા સેવા સદન પોશીના

# જો તમે ખેડુતો સાથે રાજકારણ ન કરતા હોવ તો આખા ગુજરાતમાં વીજ લાઈનોનુ કામ બંધ કરાવો : કૃષિમંત્રી જીતુ વાઘાણીના નિવેદન પર પાલ આંબલીયાનો વળતો પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વીજ લાઈનોના મુદ્દે રાજકીય નિવેદનોનો દોર યથાવત છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીના નિવેદન બાદ કિસાન કોંગ્રેસના નેતા પાલ આંબલીયાએ મીડીયા સમક્ષ પોતાની પ્રતિક્રિયા આપી હતી.



પાલ આંબલીયાએ કહ્યુ હતુ કે ગઈ કાલે રાજય સરકારના પ્રવકતા અને કૃષિ મંત્રી જીતુ વાઘાણીને વીજ લાઈનો બાબતે જયારે મીડીયાએ પ્રશ્ન પુછયો ત્યારે તેમણે એવુ કહ્યુ હતુ કે ખેડુતો અમારા માટે રાજનીતી નથી, એ વિપક્ષ માટે કદાચ હશે. ત્યારે મારે જીતુભાઈને કહેવુ છે કે જીતુભાઈ વિપક્ષનુ તો કામ જ આ છે કે લોકોના પ્રાણ પ્રશ્નો છે, એને ઉપાડી અને સરકાર સમક્ષ મુકવા અને આજ સાચી રાજનીતી છે અને વિપક્ષ તરીકે આ રાજનીતી કરવી પણ જોઈએ. પણ સરકાર તરીકે તમે શું કામ કરો છો જીતુભાઈ ? આગળ તેમણે કહ્યુ હતુ કે આ પ્રશ્ન ડીસેમ્બર ૨૦૨૫ માં વાંઢીયાથી સતત ચાલે છે. તમારી ભગીની સંસ્થાએ ૧૨ માર્ચે ચલો ગાંધીનગરનો નારો આપ્યો હતો ત્યારે તમારી સરકારના ઉર્જા મંત્રીએ કહ્યુ હતુ કે ટુંક જ સમયમાં આમાં પોલિસી બનાવીશું, માર્ચ મહિનાથી લઈને હજુ સુધી સરકાર એમ કહે છે કે પોલિસી બનાવીશું, પોલિસી બનાવીશુ, લાંબા ગાળાની પોલિસી બનાવીશુ, જીતુભાઈ, જે કાયદાઓ બને એ લાંબા ગાળાના જ હોય, મંત્રી તરીકે આપને એટલી ખબર નથી, એમાં કહેવાની જરૂર ન હોય, તમે લાંબા ગાળાની વાત કરીને આ મુદ્દાને લંબાવતા જાવ છો,

પાલ આંબલીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે જો તમે ખેડુતો સાથે રાજકારણ ન કરતા હોવ તો આખા ગુજરાતમાં વીજ લાઈનોનુ કામ, ઝેટકો એટલે કે સરકારી કંપની થી લઈને અદાણી/ અંબાણી સુધી તમામ કંપનીઓના વીજ લાઈનોના જે થાંભલા ખોડવાના કામ કરે છે, તાર ખેંચવાના કામ કરે છે, જયાં સુધી આ સરકાર લાંબા ગાળાની પોલિસી તૈયાર ન કરે ત્યાં સુધી એકપણ વીજ કંપની ખેડુતોના `ખેતરમાં પ્રવેશ કરશે નહી, એવો આદેશ આપો, જો તમે ખેડુતો સાથે રાજકારણ ન કરતા હોવ તો આદેશ અપાવો. નહી તો બહુ સ્પષ્ટ થાય છે કે તમે અદાણી / અંબાણીના ઈશારે સંપુર્ણ ખેડુતો સાથે રાજકારણ કરો છો. ખેડુતોની પીઠમાં ખંજર ભોંકો છો અને ખેડુતોને કયાંક ને કયાંક મુર્ખ બનાવો છો. આ સાબિત થાય છે. વીજ લાઈનોના મુદ્દે રાજય સરકાર તરફથી અગાઉ આપવામાં આવેલા નિવેદનો બાદ હવે પાલ આંબલીયાની આ પ્રતિક્રિયાને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

# વડોદરા મંડળ દ્વારા પ્રતાપનગર રેલવે કોલોની ખાતે પલ્સ પોલિયો રસીકરણ અભિયાનનું સફળ આયોજન





પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના આરોગ્ય વિભાગ દ્વારા રાષ્ટ્રીય પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત વિદ્યા મંદિર, પ્રતાપનગર રેલવે કોલોની ખાતે પલ્સ પોલિયો રસીકરણ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ પાંચ વર્ષથી ઓછી વયના તમામ બાળકોને પોલિયોથી સુરક્ષિત રાખવા માટે તેમને ઓરલ પોલિયો વેક્સિન (ઓપીવી)ના બે ટીપાં પીવડાવવાનો હતો.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેનાએ જાહેર કરેલી પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર આ શિબિરમાં રેલવેના અધિકારીઓ, કર્મચારીઓ તથા તેમના પરિવારજનોએ ઉત્સાહભેર ભાગ લીધો અને પોતાના પાંચ વર્ષથી ઓછી વયના બાળકોને પોલિયો રસીના ટીપાં પીવડાવ્યા. આરોગ્ય એકમના તબીબો તથા પેરામેડિકલ સ્ટાફ દ્વારા બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું તેમજ વાલીઓને પોલિયો નિર્મૂલન અંગે જરૂરી માર્ગદર્શન અને જાગૃતિ આપવામાં આવી.

અભિયાન દરમિયાન વાલીઓને માહિતગાર કરવામાં આવ્યા કે ભારત પોલિયો મુક્ત દેશ હોવા છતાં પડોશી દેશ પાકિસ્તાનમાં વાઈલ્ડ પોલિયો વાયરસ હજુ પણ સક્રિય છે. આંતરરાષ્ટ્રીય અવરજવરના કારણે આ વાયરસના પુનઃપ્રસારની સંભાવના રહેલી છે. તેથી રાષ્ટ્રીય પલ્સ પોલિયો અભિયાન દરમિયાન પાંચ વર્ષથી ઓછી વયના દરેક બાળકને, અગાઉ પોલિયોની રસી અપાઈ હોય તો પણ, ઓરલ પોલિયો વેક્સિનના બે ટીપાં અવશ્ય પીવડાવવા જરૂરી છે. આથી બાળકોની રોગપ્રતિકારક શક્તિ વધુ મજબૂત બને છે અને દેશને પોલિયો મુક્ત જાળવી રાખવાના પ્રયાસોને વધુ બળ મળે છે. વડોદરા મંડળનો આરોગ્ય વિભાગ બાળકોના સર્વાંગી સ્વાસ્થ્ય અને સુરક્ષિત ભવિષ્ય માટે આવા જનહિતલક્ષી આરોગ્ય અભિયાનોનું અસરકારક આયોજન કરવા માટે સતત પ્રતિબદ્ધ છે.

# અમદાવાદ ખાતે 'ફિબા (FIBA) બાસ્કેટબોલ વર્લ્ડ કપ ૨૦૨૭ એશિયન ક્વોલિફાયર્સ વિન્ડો ૩'નો શાનદાર પ્રારંભ

## વિવિધ પ્રતિષ્ઠિત રમતોના આંતરરાષ્ટ્રીય આયોજનો સાથે અમદાવાદ સતત એક મોટા 'સ્પોર્ટ્સ હબ' તરીકે ઉભરી રહ્યું છેઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

અમદાવાદ 'ફિબા (FIBA) બાસ્કેટબોલ વર્લ્ડ કપ ૨૦૨૭ એશિયન ક્વોલિફાયર્સ – વિન્ડો ૩' ની યજમાની કરી રહ્યું છે. જેમાં ભારતીય પુરુષ બાસ્કેટબોલ ટીમ ૨ જુલાઈથી ૫ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે એશિયાના બે મજબૂત પ્રતિસ્પર્ધીઓ સામે ટકરાશે.




ભારત આજે ૨ જુલાઈએ (ગુરુવારે) કતાર સામે પોતાના અભિયાનની શરૂઆત કરી અને ત્યારબાદ ૫ જુલાઈએ લેબનોન સામે ટકરાશે. ક્વોલિફિકેશન માટે આ બંને મેચો અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વિવિધ રમતોના પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય આયોજનો સાથે અમદાવાદ સતત એક મોટા સ્પોર્ટ્સ હબ તરીકે આગળ વધી રહ્યું છે. તેમણે નોંધ્યું કે, આ જ સ્થળ પર સફળતાપૂર્વક 'એવીસી (AVC) મેન્સ વોલીબોલ કપ'નું આયોજન કર્યાના ગણતરીના દિવસોમાં જ, શહેર વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે અન્ય એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ — 'FIBA બાસ્કેટબોલ વર્લ્ડ કપ ૨૦૨૭ એશિયન ક્વોલિફાયર્સ (વિન્ડો ૩)' નું સ્વાગત કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૨૬ AVC મેન્સ વોલીબોલ કપ ૨૦ થી ૨૮ જૂન, ૨૦૨૬ દરમિયાન અમદાવાદમાં યોજાયો હતો, જે ભારતમાં આ ટૂર્નામેન્ટનું પ્રથમ આયોજન હતું.

શ્રી હર્ષ સંઘવીએ વધુમાં ઉમેર્યું કે, "અમદાવાદ ઝડપથી એક પ્રીમિયર સ્પોર્ટ્સ હબ તરીકે પોતાની ઓળખ બનાવી રહ્યું છે. એશિયન વોલીબોલ ચેમ્પિયનશિપના એક જ અઠવાડિયામાં અન્ય એક મોટી આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ ટૂર્નામેન્ટની યજમાની કરવી, એ ગુજરાતના વર્લ્ડ-ક્લાસ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રાજ્યમાં આંતરરાષ્ટ્રીય રમતગમતના આયોજનોને પ્રોત્સાહન આપવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે."

આ મેચો FIBA બાસ્કેટબોલ વર્લ્ડ કપ ૨૦૨૭ માટેના એશિયન ક્વોલિફાયર્સમાં ભારતના અભિયાનનો એક ભાગ છે. હેડ કોચ સ્કોટ ફ્લેમિંગના માર્ગદર્શન હેઠળ, ભારતીય ટીમ હાલમાં યુવા પ્રતિભાઓને ખીલવવા અને મૂલ્યવાન આંતરરાષ્ટ્રીય અનુભવ મેળવવા પર ભાર મૂકીને પુનઃગઠનના તબક્કામાંથી પસાર થઈ રહી છે.

નવીનતમ FIBA રેંકિંગમાં વિશ્વમાં ૭૬મા અને એશિયામાં ૧૪મા ક્રમે રહેલી ભારતીય ટીમ, ક્વોલિફિકેશન અભિયાનની પડકારજનક શરૂઆત પછી હવે વધુ સારા પ્રદર્શનની આશા રાખશે. અમદાવાદના હોમ ગ્રાઉન્ડનો (સ્થાનિક પ્રશંસકોનો) લાભ ટીમને અનુભવી વિરોધીઓ સામે મજબૂત ટક્કર આપવા માટે મોટો આત્મવિશ્વાસ પુરો પાડશે.

ભારતીય ટીમમાં કન્વર સંધુ, પ્રણવ પ્રિન્સ, પ્રિન્સપાલ સિંઘ અને હર્ષ ડાગર જેવા કેટલાક આશાસ્પદ ખેલાડીઓ સામેલ છે, જેમણે તાજેતરની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે.

અમદાવાદ ચાર દિવસ સુધી આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ મેચોનું સાક્ષી બનવા જઈ રહ્યું છે ત્યારે બાસ્કેટબોલ પ્રેમીઓ મોટી સંખ્યામાં રાષ્ટ્રીય ટીમને સપોર્ટ કરવા આવે તેવી અપેક્ષા છે. એશિયન બાસ્કેટબોલમાં ભારતનું સ્થાન મજબૂત કરવા માટે આ બંને મેચો ખૂબ જ મહત્વની છે.

# ઈસનપુરમાં પત્નીના નામે બેંક ખાતું ખોલાવી ગેમિંગ સ્કેમના બહાને લાખોનું સાયબર ફ્રોડઃ એક ઝડપાયો

## NCCRP પોર્ટલ પર ૩ રાજ્યોમાંથી ફરિયાદ મળતા સાયબર ક્રાઈમ સ્ક્વોડે રેકેટનો ભાંડો ફોડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વધુ એક ચોંકાવનારો સાયબર ફ્રોડનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં પત્નીના નામે બેંક ખાતું ખોલાવી કમિશનની લાલચે સાયબર ક્રાઈમના લાખો રૂપિયા ટ્રાન્સફર અને વિડ્રો કરવાનું મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે. સાયબર ક્રાઈમ સ્ક્વોડની તપાસ દરમિયાન સમગ્ર મામલો બહાર આવતા પોલીસે એક મુખ્ય આરોપીની ધરપકડ કરી છે, જ્યારે વાસણા વિસ્તારના અન્ય બે મુખ્ય સૂત્રધારોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. નોંધનીય છે કે, NCCRP પોર્ટલ પર 3 અલગ-અલગ રાજ્યોમાંથી ફરિયાદ મળતા સાયબર ક્રાઈમ સ્ક્વોડે રેકેટનો ભાંડો ફોડ્યો છે.ઈસનપુર વટવા રોડ પર જેઠાભાઈની વાવ પાસે આવેલી ગાયત્રી નગરમાં રહેતા ધર્મેન્દ્રસિંગ જોગેન્દ્રસિંગ પંજાબી નામના શખ્સે તેની ઓછું ભણેલી પત્ની હરજીતકૌરના નામે બેંક ઓફ બરોડા, ઘોડાસર બ્રાન્ચમાં ખાતું ખોલાવ્યું હતું. આશરે બે-ત્રણ વર્ષ પહેલાં ધર્મેન્દ્રસિંગની મુલાકાત વાસણામાં રહેતા એક યુવક અને તેના મિત્ર પૃથ્વી સાથે થઈ હતી. બંનેએ ધર્મેન્દ્રસિંગને લાલચ આપી હતી કે, 'અમે ગેમિંગના રૂપિયા ટ્રાન્સફર કરવા માટે બેંક એકાઉન્ટ શોધી રહ્યા છીએ, જેમાં જે રકમ આવશે તેના ૧૦ ટકા તમને કમિશન પેટે મળશે'.

કમિશનની લાલચમાં આવીને ધર્મેન્દ્રસિંગે તેની પત્નીના ખાતાની વિગતો આ ઠગોને સોંપી દીધી હતી. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ આ બેંક ખાતામાં અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા લાખો રૂપિયા જમા થયા હતા.

ધર્મેન્દ્રસિંગે વાસણાના યુવક અને પૃથ્વીની હાજરીમાં બેંકમાં જઈને ચેક દ્વારા રૂ. ૯,૯૦,૦૦૦ રોકડા ઉપાડીને આ બંનેને સોંપી દીધા હતા અને પોતાનું કમિશન મેળવી લીધું હતું. આ સાયબર ફ્રોડ અંગે દેશના 3 અલગ-અલગ રાજ્યોમાંથી નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCCRP) પર ફરિયાદો નોંધાઈ હતી, જેના આધારે આ એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવ્યું હતું. ઈસનપુર સાયબર સ્કોડના ઈન્ચાર્જ પીએસઆઈ એન.આર. સોલંકી અને તેમની ટીમે સમન્વય પોર્ટલની યાદીના આધારે ઘોડાસર બેંક ઓફ બરોડામાં તપાસ કરી હરજીતકૌરના ઘરની ભાળ મેળવી હતી. ઘરના સર્ચ દરમિયાન પૂછપરછ કરતા ધર્મેન્દ્રસિંગે ગુનાની તમામ કબૂલાત કરી લીધી હતી. આ મામલે ઈસનપુર પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ પોલીસ કોન્સ્ટેબલ મયુરકુમાર અશોકભાઈએ સત્તાવાર રીતે ગુનો દાખલ કરાવ્યો છે. પોલીસે મુખ્ય આરોપી ધર્મેન્દ્રસિંગ પંજાબીની ધરપકડ કરી છે અને પૃથ્વી (રહે. વાસણા) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૩૧૭(૫) અને ૫૪ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મંડળ રેલ પ્રબંધક દ્વારા ભાવનગર–ધોળા તથા ખિજડિયા–ધોળા રેલખંડનું વ્યાપક સંરક્ષા નિરીક્ષણ, જનપ્રતિનિધિઓ સાથે રેલ વિકાસ અંગે સમીક્ષા બેઠક યોજાઈ

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તા. ૦૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ ભાવનગર–ધોળા રેલખંડ, ખિજડિયા–ધોળા રેલખંડ, ધોળા સ્ટેશન તથા અમરેલી સ્ટેશનનું વ્યાપક નિરીક્ષણ કરીને વિવિધ વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. નિરીક્ષણ દરમિયાન યાત્રિયોને ઉપલબ્ધ સુવિધાઓ, સ્ટેશન વિકાસ, રેલ સંરક્ષા, સ્વચ્છતા તેમજ પ્રગતિ હેઠળની વિવિધ આધારભૂત માળખાકીય યોજનાઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. તેમણે સંબંધિત અધિકારીઓને તમામ કામગીરી નિર્ધારિત સમયમર્યાદામાં ઉચ્ચ ગુણવત્તા અને સંરક્ષા ધોરણો અનુસાર પૂર્ણ કરવાની સૂચનાઓ આપી.







વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે સ્ટેશનો પર ઉપલબ્ધ યાત્રી સુવિધાઓ, સ્વચ્છતા વ્યવસ્થા, પીવાના પાણીની ઉપલબ્ધતા, પ્લેટફોર્મ સુધારણા કાર્યો, સુરક્ષા વ્યવસ્થાઓ તેમજ અન્ય વિકાસલક્ષી યોજનાઓનું સઘન નિરીક્ષણ કર્યું હતું. તેમણે વિવિધ કાર્યોની પ્રગતિ અંગે વિગતવાર માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન પણ આપ્યું, જેથી મુસાફરોને વધુ સારી અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે.

નિરીક્ષણ પૂર્ણ થયા બાદ અમરેલી વિસ્તારના ગુજરાત સરકારના માનનીય કાયદા, ન્યાય, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી શ્રી કૌશિકભાઈ કાંતિભાઈ વેકરિયા તથા માનનીય સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન વિસ્તારમાં રેલ સુવિધાઓના વિસ્તરણ, યાત્રિયોની આવશ્યકતાઓ તથા વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા સૂચનો અને માંગણીઓને સકારાત્મક અભિગમથી સ્વીકારી મંડળ રેલ પ્રબંધકે સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે સૂચનાઓ આપી.

મંડળ રેલ પ્રબંધકે અધિકારીઓને સૂચના આપી કે યાત્રિયોને સુરક્ષિત, સુગમ અને ગુણવત્તાસભર રેલ સેવાઓ ઉપલબ્ધ કરાવવી સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ. તેમણે તમામ વિકાસ કાર્યોમાં રેલ સંરક્ષાને સર્વોચ્ચ મહત્વ આપવાની, ગુણવત્તાના ધોરણોનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવાની તથા વિવિધ યોજનાઓની નિયમિત અને અસરકારક દેખરેખ રાખવાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો.

તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને આહ્વાન કર્યું કે તેઓ પરસ્પર સમન્વય, ટીમ ભાવના, જવાબદારી અને કાર્યક્ષમતાથી પોતાના દાયિત્વોનું નિષ્ઠાપૂર્વક પાલન કરીને ભાવનગર મંડળને શ્રેષ્ઠતાના નવા શિખરો સુધી પહોંચાડવામાં સક્રિય યોગદાન આપે.

આ પ્રસંગે ભાવનગર મંડળના વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ તથા સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## પશ્ચિમ રેલ્વે

મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ

વિવિધ સામગ્રી પુરવઠો

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નં. S/34/2026 DT. 30.06.2026

| ક્ર.નં. | ટેન્ડર નં. | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | T. O. D. |
|---|---|---|---|---|
| 280 | 22262672 | પરંપરાગત ઇલેક્ટ્રિક લોકોમોટિવ માટે બે બીમ LED હેડ લાઇટનો સેટ | 170 સેટ | 10-ઓગસ્ટ-26 |
| 281 | 22255123A | ગ્રે પેઇન્ટ સાથે બોલ્સ્ટર | 8 નંગ | 03-ઓગસ્ટ-26 |
| 282 | 14265039 | 25 વોટ VHF ડિજિટલ રેડિયો સેટનો પુરવઠો | 618 સેટ | 30-જુલાઈ-26 |
| 283 | 22263260A | વિવિધ કદના બધા સ્ટીલ લોક નટ | 71358 નંગ | 29-જુલાઈ-26 |
| 284 | 06261200 | સ્ટાર્ટર લીડ એસિડ બેટરી ક્ષમતા | 200 નંગ | 29-જુલાઈ-26 |
| 285 | 14260798 | સસ્પેન્શન એસ્લી માટે ટેપર્ડ રોલર બેરિંગ | 225 નંગ | 29-જુલાઈ-26 |
| 286 | 27265005 | ટંગસ્ટન કાર્બાઇડ ટેમ્પિંગ ટૂલ્સ (TCTT) ની વિવિધ વસ્તુઓ | 56 સેટ | 28-જુલાઈ-26 |
| 287 | 15262086 | વ્હીલ સેટ અર્થિંગ સાધનો | 649 સેટ | 27-જુલાઈ-26 |

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 0328

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો twitter.com/WesternRly

# હું ભિખારી નથી: વાંસળી વગાડતા વૃધ્ધનો વિડીયો દિલને સ્પર્શી ગયો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

કલાને કોઈ સીમાડા નથી હોતા દિલ્હીના હાર્દ સમાન કનોટ પેલેસ નો અત્યંત ભાવુક કરી દેતો એક વિડિયો આ દિવસોમાં સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં એક વૃદ્ધ કલાકાર રસ્તા ના કિનારે બેસીને વાંસળી વગાડતા જોવા મળે છે. તેમની મધુર ધૂન સાંભળીને ત્યાંથી પસાર થતા રાહદારીઓ મંત્રમુગ્ધ થઈને થોડીવાર માટે ત્યાં રોકાઈ જાય છે. આ વીડિયોમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર તેમની પાસે રાખેલું એક બોર્ડ બન્યું છે જેના પર લખેલા શબ્દોએ લાખો લોકોને ભાવુક કરી દીધા છે.

તેમની પાસે રાખેલા બોર્ડ પર અંગ્રેજીમાં લખ્યું છે: I AM NOT A BEGGER, JUST WANT TO TOUCH YOUR SOUL WITH THE HELP OF MUSIC (હું ભિખારી નથી માત્ર સંગીતના માધ્યમથી તમારા આત્માને સ્પર્શવા માંગુ છું)

વાઈરલ વીડિયોમાં જોઈ શકાય છે કે આ વૃદ્ધ ઓતપ્રોત થઈને પુરા દિલથી વાંસળી વગાડી રહ્યા છે બોર્ડ પર લખેલ તેમનો આ સંદેશ સ્પષ્ટ કરે છે કે તેઓ લોકો પાસે ભીખ નથી માંગી રહ્યા પરંતુ પોતાની અદ્ભુત કલા અને સંગીતના સૂર રેલાવીને લોકો સુધી પોતાની લાગણીઓ પહોંચાડવા માંગે છે. આ ઉંમરે પણ તેમનું આ સ્વાભિમાન અને કલા પ્રત્યેનો પ્રેમ જ લોકોને સૌથી વધુ પ્રભાવિત કરી રહ્યા છે.

### અલ્હાબાદ હાઈકોર્ટ નો મહત્વનો ચુકાદો

# આરોપીએ આપેલી કાનૂની ફી "ગુન્હા ની આવક" ગણાતી નથી, સિવાય કે વકીલ જાતે ગુનામાં સામેલ હોય

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

અલ્હાબાદ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ અવલોકનમાં જણાવ્યું હતું કે, આરોપી દ્વારા તેમના વકીલને ધંધાકીય સેવાઓ માટે ચૂકવવામાં આવતી ફી ને "ગુનાની આવક" ગણી શકાય નહીં. કારણ કે ચુકવણી આરોપી પાસેથી થઈ હતી.જ્યાં સુધી વકીલ વ્યક્તિગત રીતે ગુનાહિત કૃત્યમાં સામેલ ન હોય, ત્યાં સુધી તેમની વ્યવસાયિક ફીને ગુનાની આવક તરીકે વર્ગીકૃત કરી શકાતી નથી.

જસ્ટિસ જે.જે.મુનીર અને જસ્ટિસ અરુણ કુમારની બનેલી બેન્ચ ઉત્તર પ્રદેશ પોલીસના સાયબર સેલ દ્વારા વકીલ ના સમગ્ર બેંક ખાતાને ફ્રિઝ કરવા સામે દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરી રહી હતી.

આ કેસમાં વકીલ આયુષ બાજપાઈએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો જેમાં જણાવ્યું હતું કે, સાયબર સેલે કઠિત છેતરપિંડી ભર્યા વ્યવહારનો ઉલ્લેખ કરીને તેમનું બેંક ખાતુ ફ્રીઝ કરી દીધું હતું. જ્યારે ખાતામાં રહેલા ભંડોળ તેમના ક્લાઈન્ટ પાસેથી મળેલી વ્યવસાયિક ફી નું પ્રતિનિધિત્વ કરે છે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ટિપ્પણી કરી હતી કે વકીલ, સરકાર, આદરણીય નાગરિક અથવા ફોજદારી આરોપોનો સામનો કરી રહેલા વ્યક્તિ પાસેથી પણ ફી મેળવી શકે છે. જો કે જો આવા આરોપી વકીલ ના ખાતામાં ફી જમા કરાવે છે તો તે રકમને "ગુના ની આવક" કહી શકાય નહીં.

હાઈકોર્ટે સ્પષ્ટ કહ્યું કે આવી રકમ વકીલની કાયદેસર વ્યવસાયિક આવકનો ભાગ છે. જે તેમની કાનૂની જવાબદારીઓ નિભાવવાના બદલામાં કમાય છે. વધુમાં હાઈકોર્ટે જણાવ્યું કે સાયબર સેલ ફક્ત શંકાસ્પદ અથવા કપટપૂર્ણ વ્યવહાર ના આધારે સમગ્ર બેંક ખાતુ ફ્રીઝ કરી શકતું નથી.

# મેઘરાજાનુ રૌદ્ર સ્વરૂપ: આગામી ૭ જુલાઈ સુધી સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ભારે વરસાદની આગાહી

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં ચોમાસુ સક્રિય થતા હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે રાજયના ઘણા ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હડવો થી ભારે થી અતિભારે વરસાદ પડી શકે છે. અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ રાજયના વિવિધ ભાગોમાં ૭ જુલાઈ સુધી વરસાદી સ્થિતિ ચાલુ રહેવાની સંભાવના છે.

અંબાલાલ પટેલે જણાવ્યુ છે કે દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ પડી શકે છે. ખાસ કરીને સુરત અને નવસારી જિલ્લાના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે.

આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં પણ વરસાદનુ જોર વધશે. સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને બનાસકાંઠા તેમજ પાટણ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જયારે પંચમહાલ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં પણ સારો વરસાદ પડી શકે છે. અંબાલાલ પટેલની આગાહી મુજબ માણસા, કડી, કલોલ અને બહુચરાજી વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડી શકે છે. આ સાથે ઉત્તર ગુજરાતમાં પણ ભારે થી અતિભારે વરસાદ પડી શકે છે. મધ્ય ગુજરાતના વિસ્તારો વિશે વાત કરતા અંબાલાલ પટેલે કહ્યુ હતુ કે દાહોદ, વડોદરા, આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં વરસાદની શકયતા છે.

ખાસ કરીને વડોદરાના કેટલાક વિસ્તારોમાં ભારે થી અતિભારે વરસાદ પડી શકે છે. હવામાન નિષ્ણાંતોની આગાહી મુજબ ૭ જુલાઈ સુધી રાજયના વિવિધ વિસ્તારોમાં ભારે થી અતિભારે વરસાદ પડી શકે છે.

સૌરાષ્ટ્રમાં ચોમાસાના પ્રારંભિક તબકકામાં મેઘરાજા મુકતમન વરસાદ કરી રહ્યા છે. જેના કારણે સૌરાષ્ટ્રભરમાં આનંદનો માહોલ છે. સતત બીજા દિવસે ગીર સોમનાથ જિલ્લામાં વહેલી સવાર થી મેઘ મહેર શરૂ થઈ ગઈ હતી. ખાસ કરીને સુત્રાપાડા તાલુકામાં ગુરૂવારે સવારે હવામાનમાં અચાનક પલ્ટો આવ્યા બાદ માત્ર બે કલાકના ટુંકા ગાળામાં ગાજવીજ અને વિજળી સાથે ૩ ઈંચ મુશળધાર વરસાદ પડયો હતો. ગુજરાતમાં હાલમાં સક્રિય ચોમાસાની સિસ્ટમને કારણે વહેલી સવારથી શરૂ થયેલા આ તોફાની વરસાદે સમગ્ર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના બોમ્બ જેવી સ્થિતિનુ નિર્માણ કર્યુ હતું. જયારે શરૂઆતના બે દિવસમાં, સ્થાનિક ખેડતુો ખુશ છે અને દરેક જગ્યાએ વાવણી માટે યોગ્ય ઉત્તમ વરસાદ પડયો હોવાથી ખેતીના કામો શરૂ કરી દીધા છે.

# ગુજરાતની સરકારી એન્જીનિયરીંગ કોલેજોમાં પ્રોફેસરોની ભારે અછત : ૧૮ માં થી ૯ કોલેજ તો આચાર્ય વિનાની

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં પ્રાથમિક શિક્ષકો બાદ હવે સરકારી એન્જીનિયરીંગ કોલેજોમાં પણ પ્રોફેસરોની મોટી ઘટ બહાર આવી છે. સરકાર દ્વારા એઆઈ, રોબોટીકસ અને ડેટા સાયન્સ જેવી અત્યાધુનિક નવી બ્રાન્ચો અને કોર્સ તો ધામધુમથી શરૂ કરી દેવાયા, પરંતુ આ વિષયો ભણાવવા માટે ફેકલ્ટી જ ઉપલબ્ધ નથી, વિદ્યાર્થીઓ છેલ્લા ૪ વરસથી વિષય શિક્ષક વિના ભણવા મજબુર બન્યા છે. ચાલુ વરસે જ ૧૪૬૪ બેઠકો વધારવામાં આવી પણ સ્ટાફની કોઈ ફાળવણી થઈ નથી. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે રાજયની ૧૮ સરકારી એન્જીનિયરીંગ કોલેજો પૈકી ૯ કોલેજમાં પ્રિન્સિપાલ જ નથી, આ ઉપરાંત પ્રોફેસરની ૧૩૫ માં થી ૭૩, એસોસીયેટ પ્રોફેસરની ૩૮૩ માં થી ૮૧ અને આસી. પ્રોફેસરની ૧૪૬૭ માં થી ૪૬૧ જગ્યાઓ ખાલી પડી છે. એટલુ જ નહી લેબ આસીસ્ટન્ટ અને કલાર્ક જેવા કલાસ-૩ ના સ્ટાફની પણ ૪૭૮ માં થી ૩૧૦ જગ્યાઓ ખાલી છે. આ અંધેર વહિવટ સામે અધ્યાપક મંડળના સભ્ય પંકજ પ્રજાપતિએ રોષ વ્યકત કરી તાત્કાલીક સ્ટાફ રીસ્ટ્રકચરીંગ અને ભરતી કરવાની માંગ કરી છે.

# ચૈતર વસાવાના પત્ની શકુંતલા વસાવાની જેલમુકિત શકય: ૧૮ દિવસના બાળકને કારણે સરકારે દાખવ્યો માનવીય અભિગમ

પ્રતિનિધિ,ગાંધીનગર



આમ આદમી પાર્ટીના નેતા અને ધારાસભ્ય ચૈતર વસાવાના પત્ની શકુંતલા વસાવા ટુંક સમયમાં જેલમુકત થઈ શકે છે. રાજપીપળા કોર્ટે દોષિત ઠેરવી સજા જાહેર કર્યા બાદ શકુંતલા વસાવા તરફથી ગુજરાત હાઈકોર્ટમાં જામીન મેળવવા માટે અરજી દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણી આજે ગુરૂવારે હાથ ધરવામાં આવી હતી.

આ કેસમાં રાજય સરકારે પુરતો માનવીય અભિગમ દાખવતા શકુંતલા વસાવા પાસે માત્ર ૧૮ દિવસનુ નાનુ નવજાત બાળક હોવાના કારણે તેમની જામીન અરજીનુ સામેથી જ સકારાત્મક સમર્થન કર્યુ છે. હાઈકોર્ટમાં સરકારના વકીલે સત્તાવાર રીતે સરકાર તરફી આ સંવેદનશીલ અને સકારાત્મક વલણ જાહેર કરતા હવે શકુંતલા વસાવાને જામીન મળવાની સંભાવનાઓ ખુબ જ પ્રબળ બની ગઈ છે. આ કેસની વિગતવાર માહિતી મુજબ નીચલી અદાલત એટલે કે રાજપીપળા કોર્ટ દ્વારા દોષિત જાહેર કરાયા બાદ શકુંતલા વસાવા જેલમાં બંધ હતા. જો કે તેમની સાથે તેમનુ માત્ર ૧૮ દિવસનુ માસુમ બાળક પણ જેલમાં હોવાથી ભારે ચર્ચા જાગી હતી. માતાની સજાના કારણે નવજાત શીશુ ને જેલના માહોલમાં રહેવુ ન પડે તે બાબતને ધ્યાનમાં રાખીને શકુંતલા વસાવાના વકીલો દ્વારા તાકીદે હાઈકોર્ટના દ્વાર ખટખટાવી જામીન અરજી કરવામાં આવી હતી.

સામાન્ય રીતે આવા કેસોમાં કાયદાકીય પ્રક્રિયા લાંબી ચાલતી હોય છે. પરંતુ આ કિસ્સામાં બાળકની ઉંમર અને સ્વાસ્થ્ય ને સર્વોપરી ગણીને સરકારે કોર્ટ સમક્ષ ઉદારતા દર્શાવી છે.

સરકારી પક્ષે કોર્ટમાં સ્પષ્ટ કહ્યુ હતુ કે બાળકને માતાના સંરક્ષણની તાતી જરૂરીયાત હોવાથી તેઓ આ જામીનનો વિરોધ કરવાને બદલે તેને ટેકો આપી રહ્યા છે. સરકારના આ માનવીય પગલાને કારણે કોર્ટ દ્વારા આજે ગુરૂવારે જામીન મંજુર થતા જ ચૈતર વસાવાના પરીવારને મોટી રાહત મળશે અને શકુંતલા વસાવા જેલના સળીયા પાછળથી મુકત થઈ બહાર આવશે.

# રાજયના ૬ પોલીસ અધિકારીઓને આઈપીએસ તરીકે પ્રમોશન : ૧ વરસ પ્રોબેશન અને ટ્રેનીંગ લેવી પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર



કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલય દ્વારા આજે તારીખ ૨ જુલાઈ ૨૦૨૬ ના રોજ એક સત્તાવાર જાહેરનામુ બહાર પાડીને ગુજરાત પોલીસ સેવા (જીપીએસ) ના ૬ વરીષ્ઠ અધિકારીઓને ભારતીય પોલીસ સેવા (આઈપીએસ ) માં પ્રમોશન આપવાના જાહેરાત કરવામાં આવી છે.

રાષ્ટ્રપતિ દ્વારા મંજુર કરાયેલા આ આદેશ અનુસાર સીલીકેટ લીસ્ટ ૨૦૨૫ હેઠળ આ તમામ અધિકારીઓની આઈપીએસ તરીકે નિમણુંક કરવામાં આવી છે અને તેમને ગુજરાત કેડર જ ફાળવવામાં આવી છે.

ગૃહમંત્રાલય દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર યાદી મુજબ જે અધિકારીઓને જીપીએસમાંથી આઈપીએસ તરીકે બઢતી મળી છે. તેમાં કેટલાક અધિકારીઓનો સમાવેશ થાય છે. જેમાં (૧) રાજદિપસિંહ એન નકુમ (૨) ભરતકુમાર બી રાઠોડ (૩) પ્રફુલ વી વાણીયા (૪) રાજેશકુમાર ટી પરમાર (૫) કલ્પેશકુમાર એમ ચાવડા (૬) રાકેશ ડી દેસાઈ

આ તમામ અધિકારીઓ લાંબા સમયથી રાજયના વિવિધ જિલ્લાઓ અને સંવેદનશીલ વિભાગોમાં ઉચ્ચ પદો પર ફરજ બજાવી ચુકયા છે અને તેમની ઉત્કૃષ્ટ કામગીરીને આધારે જ કેન્દ્ર સરકારે આ બઢતી મંજુર કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયના નોટીફીકેશનમાં જણાવ્યા અનુસાર ઈન્ડીયન પોલીસ સર્વિસ રૂલ્સ, ૧૯૫૪ અને પ્રમોશન નિયમોના આધારે આ નિયુકિતઓ કરવામાં આવી છે. આ તમામ પ્રમોટેડ અધિકારીઓ હાલમાં એક વરસ માટે પ્રોબેશન પીરીયડ હેઠળ રહેશે. આ સમયગાળા દરમિયાન તેમણે આઈપીએસ કેડરના નિયમો મુજબ જરૂરી ઈન્ડકશન ટ્રેનીંગ (તાલીમ) પૂર્ણ કરવાની રહેશે.

આ પ્રમોશનને કારણે ગુજરાત પોલીસમાં આઈપીએસ અધિકારીઓની અછત અમુક અંશે હળવી થશે અને કાયદો વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબુત બનાવવામાં મદદ મળશે.

આ સમાચારને પગલે સમગ્ર પોલીસ બેડામાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ચૈતર વસાવાના સમર્થનમાં ડેડીયાપાડામાં અનંત પટેલનો હુંકાર: બેબાક બોલ સાથે ભાજપ અને પોલીસ પર કર્યા આકરા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



નર્મદા જિલ્લાના ડેડીયાપાડામાં આજે ગુરૂવારે ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આયોજીત સામાજિક જનસમર્થન સભાને લઈ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. એક તરફ વિસ્તારમાં વરસાદ ની શરૂઆત થઈ છે. તો બીજી તરફ વરસતા વરસાદ વચ્ચે પણ આદિવાસી સમાજના લોકોનો ઉત્સાહ ઓછો દેખાયો ન હતો. ગામેગામથી લકઝરી બસો ભરીને તેમજ અન્ય વાહનો મારફતે મોટી સંખ્યામાં લોકો ડેડીયાપાડા પહોચ્યા હતા.

આ સભામાં ચૈતર વસાવાના પત્ની વર્ષા વસાવા, ધારાસભ્ય અનંત પટેલ, આમ આદમી પાર્ટી નેતા ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, રાધિકા રાઠવા સહિતના નેતાઓ ઉમટી પડયા હતા. જયાં દરેકનો એક જ હુંકાર હતો કે ચૈતર વસાવાને છોડાવવાના છે.

અનંત પટેલે મંચ પરથી હુંકાર ભર્યો હતો. અનંત પટેલનુ નામ સાંભળતા જ દેખો દેખો કૌન આયા, આદિવાસી શેર આયા ના નારા લાગ્યા હતા, અનંત પટેલે આવતાની સાથે આદિવાસીઓની પારંપરીક અબબબ ની ચીસો પાડી અને હુંકાર ભર્યો હતો. આપણો આદિવાસી સમાજ કોઈનાથી ડરતો પણ નથી અને કોઈનાથી ઝુકતો પણ નથી, આ ચૈતર વસાવાએ સાબિત કરી બતાવ્યુ છે. ભાજપને કહી દો કે ચૈતર વસાવા એકલો નથી. આ કરોડો આદિવાસીઓ તેમની સાથે છે, વધુમાં તેમણે કહ્યુ હતુ કે આપણે જેલભરો આંદોલન કરવાનુ છે, ગુજરાતમાં એવી કોઈ જેલ નહી મળે જેમાં ૧ કરોડ આદિવાસીઓને સમાવી શકે. પોલીસને કહેવાનુ છે કે આદિવાસી સમાજને ભાજી મુળીયા સમજવાનુ બંધ કરે, આદિવાસી સમાજ વાઘ છે અને વાઘ રહેશે, મારા ગામમાં ભાજપની જરૂર નથી. ચાલો ભાગો એવુ કહેવાનુ છે, આદિવાસી સમાજ એક દિવસ ડેરીમાં દુધ દેવાનુ બંધ કરે તો ભાજપીયાઓને ચા પીવા પણ નહી મળે, આપણે બોર્ડરલેસ આદિવાસી બનવાનુ છે, આપણે બધા એક છીએ, જેને તકલીફ પડે તેમને મદદ કરવાની છે.

# અમદાવાદમાં નવા પોલીસ કમિશ્નર તરીકે અનુપમસિંહ ગેહલોતને જવાબદારી સોંપાઈ : ૧૯૯૭ બેચના આઈપીએસ અધિકારી

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતના પોલીસ બેડામાં જયારે પણ કોઈ બહાશો, કડક અને પ્રજાહિતની ચિંતા કરનારા અધિકારીઓનુ નામ લેવાય ત્યારે ૧૯૯૭ ની બેચના આઈપીએસ અધિકારી અનુપમસિંહ ગેહલોતનુ નામ મોખરે આવે છે. લાંબી ચર્ચાઓ અને અટકળો બાદ આખરે રાજય સરકારે તેમના પર ભરોસો મુકીને અમદાવાદના નવા પોલીસ કમિશ્નર તરીકે તેમની નિમણુંક કરી દીધી છે.

અમદાવાદના વર્તમાન પોલીસ કમિશ્નર જી એસ મલીક ની ડીજીપી તરીકે બઢતી થતા આ જગ્યા ખાલી પડી હતી. જેનો ચાર્જ હવે ગેહલોત ખુબ જ ટુંકા સમયમાં સંભાળવા જઈ રહ્યા છે. મુળ ઉત્તર પ્રદેશના વતની અને ૧૯૯૭ ની બેચના આઈપીએસ અધિકારી અનુપમસિંહ ગેહલોતે ગુજરાતને પોતાની કર્મભુમિ બનાવીને પ્રશંસનીય સેવાઓ આપી છે. આ નવી નિમણુંક સાથે આઈપીએસ અનુપમસિંહ ગેહલોત જે ગુજરાતના એક માત્ર એવા પોલીસ અધિકારી બન્યા છે. જેમણે રાજયના ચારેય મોટા મહાનગરોમાં પોલીસ કમિશ્નર તરીકે ફરજ બજાવી હોય, તેમની ઐતિહાસિક સફર પર નજર કરીએ તો તેઓ રાજકોટના પોલીસ કમિશ્નર તરીકે સફળ કામગીરી નિભાવી ચુકયા છે. ત્યારબાદ વડોદરાના કમિશ્નર તરીકે પણ તેમણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબુત કરી હતી. મહાનગરો ઉપરાંત તેઓ રાજયની ગુપ્તચર પાંખ એટલે કે આઈબી ના વડા તરીકે પણ સેવા આપી ચુકયા છે.

અમદાવાદ આવતા પહેલા તેઓ હાલ સુરતના પોલીસ કમિશ્નર તરીકે કાર્યરત છે. હવે અમદાવાદની કમાન સંભાળતાની સાથે જ તેઓ ચારેય મહાનગરોના કમિશનરેટ નુ નેતૃત્વ કરનારા પ્રથમ અધિકારી બની ગયા છે. અનુપમસિંહ ગેહલોત માત્ર ગુન્હેગારો માટે કડક નથી, પરંતુ સામાન્ય જનતા માટે અત્યંત દયાળુ અને મદદરૂપ થવાની ભાવના ધરાવતા લોકમૈત્રી અધિકારી છે. સામાન્ય લોકોની સમસ્યાઓ સાંભળવાની અને તેનો ત્વરિત નિકાલ લાવવાની તેમની આગવી કાર્યશૈલીને કારણે તેઓ પ્રજા અને પોલીસ તંત્ર બંનેમાં ભારે લોકપ્રિય છે. તેમની આ જ ક્ષમતા અને બહોળા અનુભવને કારણે તેઓ હંમેશા રાજય સરકારની પ્રથમ પસંદગી રહ્યા છે. વિવિધ નામોની ચર્ચા વચ્ચે આખરે સરકારે તેમના નામના આદેશ જાહેર કર્યા છે. જે અમદાવાદ શહેરની સુરક્ષા અને શાંતિ માટે એક મહત્વપૂર્ણ અને સકારાત્મક પગલુ સાબિત થશે.

# સુરત નાસીરનગર ડીમોલેશન કેસમાં ૫ અધિકારીઓને કરાયા સસ્પેન્ડ: સસ્પેન્ડની સાથે ખાતાકીય તપાસ શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર



સુરતના નાસીરનગર ડીમોલેશન વિવાદમાં સુરત મહાનગરપાલિકાએ કડક કાર્યવાહી હાથ ધરી છે. વિશેષ તપાસ સમિતિના અહેવાલના આધારે ૫ એન્જીનિયરોને તાત્કાલીક અસરથી ફરજ મોકુફ (સસ્પેન્ડ ) કરવામાં આવ્યા છે. સાથે જ સમગ્ર મામલે વિધિવત ખાતાકીય તપાસ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલા નાસીરનગર ખાતે ગઈ તારીખ ૩૦ મે ૨૦૨૬ ના રોજ મિલ્કતોનુ ડીમોલેશન કરવામાં આવ્યુ હતું. આ કાર્યવાહી બાદ અનેક મુદ્દાઓને લઈને વિવાદ ઉભો થયો હતો. સમગ્ર ઘટનાની હકીકત જાણવા મહાનગરપાલિકા દ્વારા વિશેષ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. તપાસ સમિતિએ પોતાનો અહેવાલ સોંપ્યા બાદ મહાનગરપાલિકાએ મામલાની ગંભીરતા ધ્યાનમાં રાખીને ખાતાકીય તપાસ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. નિષ્પક્ષ અને પારદર્શક તપાસ સુનિશ્ચિત થાય તે માટે ૫ અધિકારીઓને તાત્કાલીક અસર થી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં (૧) કાર્યપાલક ઈજનેર (સીવીલ) સુજલકુમાર ધરમસીભાઈ પ્રજાપતિ (૨) કાર્યપાલક ઈજનેર (સીવીલ) જયાંગ રજનીકાંત જીવનરામજીવાલા (૩) ડેપ્યુટી ઈજનેર અર્પણ મનસુખલાલ પરમાર (૪) આસી. ઈજનેર મોનિકા બાબુભાઈ ગઢીયા (૫) જુનીયર ઈજનેર નરેશકુમાર બિનલભાઈ ગલચર

મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ તપાસ સંપૂર્ણપણે તટસ્થ અને નિષ્પક્ષ રીતે પૂર્ણ થાય તે માટે સંબંધિત અધિકારીઓને ફરજ મોકુફ કરવામાં આવ્યા છે. તપાસ દરમિયાન તમામ દસ્તાવેજો, વહિવટી પ્રક્રિયા અને ડીમોલેશન સંબંધિત કામગીરીની વિગતવાર ચકાસણી કરવામાં આવશે. આ કાર્યવાહી બાદ હવે ખાતાકીય તપાસના અંતિમ અહેવાલ પર સૌની નજર રહેશે. તપાસમાં જે પણ તથ્યો બહાર આવશે તેના આધારે આગામી વહિવટી અને કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી શકે છે.

# પાણીની બોટલના ધંધામાં ૫૦ ટકા નફાની લાલચ આપી વેપારી સાથે કરોડોની છેતરપિંડી: મેનેજરે જ પરિવાર સાથે મળીને આચર્યુ કૌભાંડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં રિયલ એસ્ટેટનો વ્યવસાય કરતા એક વૃદ્ધ વેપારીને પાણીની બોટલ બનાવવાનો નવો પ્લાન્ટ શરૂ કરવા અને તેમાં ૫૦ ટકા નફાની ભાગીદારી આપવાની લાલચ આપી ૧.૫૫ કરોડ રૂપિયાથી વધુની રકમ પડાવી લેવામાં આવી છે. ચોંકાવનારી વાત એ છે કે આ ખેલ કરનાર અન્ય કોઈ નહીં, પરંતુ વેપારીની જ ઓફિસ કોમ્પ્લેકસમાં છેલ્લા ૧૦ વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવતો વફાદાર કર્મચારી, તેનો પુત્ર અને પુત્રવધૂ છે. આ અંગે ભોગ બનનાર વેપારીએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, અમદાવાદના શેલા વિસ્તારમાં રહેતા અને રિયલ એસ્ટેટનો ધંધો કરતા ૬૦ વર્ષીય પરેશ પટેલ સાથે આ છેતરપિંડી થઈ છે. તેમની સાથે ઠગાઈ કરનાર આરોપીઓમાં તેમની જ ઓફિસના કોમ્પ્લેક્ષમાં છેલ્લા એક દાયકાથી મેનેજર તરીકે નોકરી કરતો સંદીપ પરીખ, તેનો પુત્ર ઉજાસ સંદિપ પરીખ અને ઉજાસની પત્ની અમીબહેન પરીખ સામેલ છે. સંદીપ અને તેના પુત્ર ઉજાસે પરેશભાઈને 'સારસ ફૂડ એન્ડ બેવરેજીસ' નામના પાણીની બોટલો બનાવવાના ધંધામાં ભાગીદારીની ઓફર કરી હતી.